આ અંકમાં....

अ લોકકથા :

૧ ગુરુ અને ચેલો — સંપાદક – રેવાબહેન તડવી
૨ ઘોડીનું ઈંડું — સંપાદક – શંકરભાઈ તડવી
૩ બારમાંથી ત્રીશ જાય તો...?...?...? — સંપાદક – જી. વી. પટેલ
૪ કરમ ને લક્ષ્મી — સંપાદક – જયંતીલાલ સો. દવે

ब લોકકલાકાર પરિચય

૫ શ્રી ખોડીદાસ પરમાર — જોરાવરસિંહ જાદવ
૬ કાર્ય–ઝરમર — હરેન્દ્ર પ્ર. ભટ્ટ

क લોકસાહિત્ય સંશોધન

૭ લોકસાહિત્યમાં ક્ષેત્રસંશોધન — ડૉ. પ્રહલાદ પટેલ
૮ મોરબીના કવિ દેદલ ભગત — હરિલાલ ગોહેલ

ड પ્રકીર્ણ :

૯ ખાટલી, ખાટલો ને ખાલેશ્વર (સ્થળ–પરિચય) — દીપક માકડિયા

इ લોકસાહિત્યજગત

* બે નવાં પ્રકાશન * ગુજરાત કલાકાર સંઘનો દશાબ્દિ મહોત્સવ * પપેટ્સ એન્ડ પ્લેઝનો વાર્ષિકોત્સવ * હકુભાઈ શાહનાં ચિત્રો અને સંગ્રહનું પ્રદર્શન

લેખક–પરિચય : શંકરભાઈ અને રેવાબહેન તડવી આદિવાસી લોકસંસ્કૃતિનાં અભ્યાસી છે. * શ્રી જી. વી. પટેલ અધ્યાપક છે. * જોરાવરસિંહ જાદવ લોકસાહિત્ય-લોકવિદ્યાના સંગ્રાહક–સંપાદક અને પ્રચારક છે. * ડૉ. પ્રહલાદ પટેલ દ્વારકામાં અધ્યાપક છે અને લોકસાહિત્યમાં પીએચ. ડી. થયા છે. * જયંતીભાઈ દવે લોકસાહિત્યના વાહક અને સંગ્રાહક છે. * હરિલાલ ગોહેલ પીએચ. ડી. નો અભ્યાસ કરે છે. * દીપક માકડિયા શિક્ષક છે.

❋ લોકસાહિત્ય સંગ્રહ–સંપાદન–સંશોધન ને અધ્યયનનું માસિક—વીરડો.

❋ તંત્રી : હરેન્દ્ર પ્ર. ભટ્ટ.

❋ વ્યવસ્થાપક : ઘનશ્યામ ભટ્ટ.

❋ કલા–સંયોજક : શ્રી રોહિત મિસ્ત્રી.

❋ 'વીરડો' દર માસની ૨૫ મીએ પ્રગટ થાય છે.

❋ 'વીરડો'નું લવાજમ :
વાર્ષિક લવાજમ રૂા. ૨૫ આજીવન રૂા. ૨૫૧
સહાયક સદસ્ય રૂા. ૫૦૦
પરદેશમાં ૩૦ ડોલર

★ પત્રવ્યવહાર :
હરેન્દ્ર પ્ર. ભટ્ટ,
તંત્રી : વીરડો,
૨૨, કૃષ્ણનગર સોસાયટી,
વિદ્યાનગર રોડ, આણંદ.

❋ પ્રકાશક : શ્રી મૌલિક પ્રકાશન, આણંદ.

લેખકોને...

૧ કૃતિ કાગળની એક બાજુએ લખી મોકલવા વિનંતી છે.

૩ લોકસાહિત્યની કૃતિ શાસ્ત્રીય દષ્ટિએ ઉતારેલી હોય એ જરૂરી છે. આથી આટલી માહિતી અવશ્ય આપવી :

— કૃતિ આપનારનું પૂરું નામ, ઉંમર, વતન, સરનામું

— કૃતિ ક્યાંથી મળી (સ્થળનું નામ)?

— કૃતિ કઈ પદ્ધતિથી ઉતારી છે તે એટલે કે નોંધી લઇ, ટેપરેકર્ડ કરી, કે અન્ય કોઇ રીતે.

— માહિતીદાતાને એ કૃતિ કોણે આપી (કૃતિનું વહન કેટલું જૂનું છે તે નક્કી કરવા).

— કૃતિ મેળવી તે વખતનું વાતાવરણ (જો કોઈ હાજર હોય તો તેનું નામ વગેરે).

આપ એ તો જાણો છો કે લોકસાહિત્યમાં 'સંપાદક' હોય, 'વાહક' હોય, 'માહિતીદાતા' હોય, ચર્ચા કરનાર કે અભ્યાસી હોય પણ 'લોકસાહિત્યકાર' નથી હોતો એટલે માહિતીદાતાને આગળ કરવો જરૂરી છે.

નોંધ :

૧ અંક ૧૨–૧૩માં રહી ગયેલ મુદ્રણ–દોષો માટે લેખકોને જે મુશ્કેલી પડી તે માટે અમે દિલગીર છીએ.

૨ ભારતીય લોકકલા મંડળ, ઉદયપુરના સંસ્થાપક–સંચાલક પદ્મશ્રી દેવીલાલ સામરનું અવસાન થયું છે. ભારતીય લોકસાહિત્યે એક જબ્બર પ્રચારક ગુમાવ્યો છે. એમના આત્માને પ્રભુ શાંતિ આપો! એમનું કાર્ય અમને પ્રેરણા આપતું રહે...

તંત્રી

૩ 'વીરડો'ને મોકલતાં પહેલાં કૃતિ જો કોઈ સામયિકને મોકલી હોય તો તે જણાવવા વિનંતી છે.

૪ 'લોકસાહિત્ય જગત'માં ગુજરાતમાં થતી લોકસાહિત્ય અંગેની પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવે છે. આપના વિસ્તારમાં થતી આવી કોઇપણ પ્રવૃત્તિની નોંધ મોકલી આપવા વિનંતી છે.

પત્ર પરિષદ

■ 'વીરડો' નવ્યનવું ઘણું ઘણું આવતું જાય છે. ...સૌરાષ્ટ્રીય નારીના શણગારની ચૂંદડી અને સીમંતનું ઘરચોળું માત્ર પંજૂ ખત્રી કે 'પાન દ જેઈ'થી શરૂ થતું નથી. 'હર્ષ ચરિત' બાણભટ્ટમાં રાજ્યશ્રીના લગ્ન વખતે ટાઈ–ડાઈ બંધનનું ઘરચોળું મીણિયા, કિનખાબ, મશરૂ વગેરેનો ઉલ્લેખ છે. તેથી ટાઈ–ડાઈ ઘરચોળુનાં પરંપરા સાતમી સદી ઈ. સ.ની જેટલી જૂની છે.

—ખોડીદાસ પરમાર, ભાવનગર.

■ 'વીરડો'નો દિવાળી અંક મળ્યો. ગમ્યો. વિભાગો પણ સારા છે. વધુ માહિતી મળશે એવી આશા છે. શુભેચ્છા.

—નર્મદભાઈ ત્રિવેદી, શિણોલ.

■ 'વીરડો' અંક ૧૨–૧૩ વાંચ્યો. તમારી લોકસાહિત્ય માનસગ્રંથિ (Folkloristic Guts) અહીં સ્પષ્ટ વરતાય છે. વૈજ્ઞાનિક સૂઝ હોય તેમ પણ લાગે છે. મુ. પુષ્કરભાઈ, કનુભાઈ અને ડૉ. સુચેનાના લખાણો શાસ્ત્રીય ઢબે લખાયા છે. ખોડીદાસ પરમાર અને તડવી દંપતિ તમને મળી ગયાં તે સારું થયું. સંપાદન કરનાર બાબુભાઈને અભિનંદન.

—ડૉ. જશવંત જીવરાજાણી, જેતપુર

■ 'વીરડો' મને ગમે છે. આજે ભલે કેડી પડે, પણ આવતીકાલ માટેનો ધોરી મારગ ઉભો થવાનો 'વીરડો' એ પ્રથમ સોપાન છે.

—અરવિંદ આચાર્ય, ધારાસભ્ય વઢવાણ

■ 'વીરડો'માં પ્રગટ થતી લોકકથાઓ ઘણી જ ગમી.

—પરમાર પ્રવીણભાઈ મોહનલાલ, અમદાવાદ

■ આપના પ્રયત્નો અને સ્નેહીઓની શુભેચ્છાઓ સાથે વીરડો–પીરડો રહી વધારે લોકાદર પામે તેવી શુભેચ્છા સહ નવા વર્ષનું લવાજમ સ્વીકારશો.

—કરશન પઢિયાર, કેશોદ.

■ 'વીરડા'નો પ્રથમ વાર્ષિક અંક મળ્યો. લખાણોને વ્યવસ્થિત રીતે વિભાગોમાં વહેંચી નાખીને વીરડાના ડહોળાયેલા નીરને આછરવા દઈને નિર્મળ બનાવ્યા. અભિનંદન!

—ડૉ. સુચેના ભાડલાવાડા, જામનગર

MS. MAHARAJA TILES

Sanala Road, MORBI

Leading Manufacturers of :

Mosaic Tiles, Galicha Tiles, Medium Tiles, Terezo Tiles, etc.

Super Quality at Reasonable Price

Phone : 2964

Sister Concern : M/s Jadeshwar Mosaic Tiles

Prithviraj Plot, MORBI – 363641

With Best Compliments From

Shivam Poles Manufacturing & Engineering Company,

4/5 Industrial Esstate,
Gorva Road,
Baroda. 390016

Phone : Office : 82213
Resi : 55346

Gram : Shivam

Manufacturers of
Steel Tubular Poles & Pole Brackets

લોકભારતી
પ્રિન્ટર્સ

આકર્ષક ડીઝાઈનોમાં કુમકુમ પત્રિકાઓ છપાવવાનું
ઉત્તમ સ્થળ

લોકભારતી પ્રિન્ટર્સ
૧૦ રામકુટિર, મોટા મહાદેવ, નડિયાદ. ફોન : ૪૫૪૭

✽ ગુરુ અને ચેલો ✽

સંપાદક : રેવાબહેન તડવી

એક હતો બ્રાહ્મણ. તેને બે પુત્ર હતા. બંને છોકરા ભણવા જાય તેવડા થયા. બ્રાહ્મણને વિચાર થયો : 'લાવ, હવે બેઉ છોકરાને ગુરુને ઘેર ભણવા મૂકી આવું.'

એ તો ઊપડયો ગુરુને ઘેર. સાથમાં બેઉ છોકરા લીધા છે. ગુરુને ઘેર જઈને ઊભો. ગુરુએ આવકાર દીધો. બેસવાનું આસન આપ્યું. પછી ગુરુએ પૂછ્યું : 'તું કેમ આવ્યો છે?'

બ્રાહ્મણ કહે : 'આ મારા પુત્રો છે. તેમને ભણવા મૂકવા છે. આપ ભણાવશો?' ગુરુ કહે : 'હા, ભણાવીશ. પણ બેમાંથી એક છોકરો મને આપવો પડશે.. છે કબૂલ?' બ્રાહ્મણ કહે: 'સારું.' એ તો બંને છોકરાઓને મૂકીને ઘેર ગયો.

ગુરુએ પેલા બંને છોકરાઓને એકેક કુંભ આપ્યો. એકને ઉગમણી દિશાએ મોકલ્યો અને બીજાને આથમણી દિશાએ મોકલ્યો.

ગુરુજીએ બંનેને કહ્યું : 'પાણી ભરી લાવો.. પણ જે, હું કહું તે સાંભળી લો. વહેતું ન લાવતા. કૂવાનું ન લાવતા. અદ્ધરથી ઝીલીને પણ ન લાવતા અને પાણી લીધા વિના આવતા નહિ.'

મોટો છોકરો તો રખડી રખડીને થાકયો. પણ એનો ઘડો ખાલી જ રહ્યો. એ તો પાણી વિના જ પાછો ફર્યો!

નાનો છોકરો ચતુર અને ચબરાક હતો. ઘાસ અને ઝાડવાં પર ઝાકળ પુષ્કળ પડેલું હતું. લીલાં પાંદડાં પર મોતી જેવાં ઝાકળબિંદુ ચળકતાં હતાં. છોકરે તો એક લૂગડાનો કકડો લીધો. ઝાડવાં–ઝાંખરાંના ઝાકળમાં કકડો પલાળે અને કકડો નીચોવી લે. આમ કરીને એણે ઘડો ભરી લીધો!

બંને જણ ગુરુ પાસે ગયા. મોટા છોકરાએ ખાલી ઘડો આપ્યો. નાને છોકરે ભરેલો ઘડો આપ્યો!

ગુરુએ તરત પરખ કરી લીધી. નાનો છોકરો ભણે એવો છે. મોટો છોકરો ઢબ્બો રહેશે! ગુરુ તો મોટા છોકરાને સારાં સારાં ઘરેણાં પહેરાવે. સારું સારું ખવરાવે અને બેસાડી મૂકે. નાના છોકરાને કામ કરાવે અને વિદ્યા ભણાવે.

એમ કરતાં કેટલાંક વરસ વહી ગયાં. મોટો છોકરો તો હતો તેવો જ રહ્યો. નાનો છોકરો વિદ્યા ભણીને હોંશિયાર થયો.

એક દિવસ પેલા બ્રાહ્મણને : 'થયું લાવ ઘણાં વરસ વહી ગયાં. હવે ગુરુને ઘેર જાઉં, છોકરા ભણી રહયા હશે. તેડી આવું.'

આમ કરીને બ્રાહ્મણ ગુરુને ઘેર આવવા નીકળ્યો. પોતાનો પિતા આવે છે એવી ખબર નાના છોકરાને પડી. ગુરુજી ના'વા ગયા હતા. છોકરો તો જંગલ જવાને બહાને હાથમાં લોટો લઈને નીકળ્યો.

ગામની ભાગોળે જઈને લોટો વાડમાં મૂકી દીધો. ઘોડાનું રૂપ લઈને આકાશ માર્ગે ઊડયો. જયાં એના બાપા આવતા હતા ત્યાં ઊતર્યો. ઊતરીને છોકરાનું રૂપ લઈ લીધું. બાપાને કહેવા લાગ્યો : 'બાપુ! મને માગજો. મોટાભાઈને એકે વિદ્યા આવડતી નથી. મોટાભાઈને ગુરુએ ઘરેણાં પહેરાવ્યાં છે. એટલાં બધાં ઘરેણાં છે કે કીધે પાર નહિ! આખી જિંદગી સુધી વેચીને ખાય તોયે ખૂટે નહિ એટલાં!... પણ મને જ માગજો. મને ઘેર પહોંચવા દઈને તમે આવજો.' બ્રાહ્મણ કહે : 'સારું.'

નાનો છોકરો પાછો ઘોડો થઈ ગયો. પોતાના બાપાને ઉપર બેસારી ઊડયો! ભાગોળે આવીને પિતાને ઉતારી પાડયા અને પોતે વહેલો વહેલો ઘેર પહોંચ્યો. જઈને ભણવા બેસી ગયો.

સહેજ મોડેથી બ્રાહ્મણ ગુરુને ઘેર ગયો. ગુરુએ આવકાર આપ્યો: 'આવો.' થોડીવાર બેઠા પછી ગુરુએ બંને છોકરાઓને બોલાવ્યા. બંને છોકરા આવ્યા. બંનેને બ્રાહ્મણની સામે ઊભા રાખ્યા.

ગુરુ કહે : 'આ બંને છોકરામાંથી જે ગમે તે માગો.' બ્રાહ્મણ ઘડી મોટા ભણી જુએ ને ઘડીકમાં નાના ભણી જુએ. બ્રાહ્મણ મનમાં વિચાર કરે છે : મોટા છોકરાને

ટોપલો ઘરેણાં છે. આટલું બધું ઘરેણું મારાં છોકરાંનાં છોકરાં ખાશે તોયે ખૂટશે નહિ.

પેલો નાનો છોકરો પિતા ભણી જોઇને આંખો કાઢે છે. ગુરુએ પૂછ્યું : 'શું વિચાર કરો છો ?'

પેલો બ્રાહ્મણ કહે : 'કંઇ નહિ, મહારાજ ! મારે નાનો છોકરો જોઇએ છે.'

ગુરુ કહે : 'જા, તેડી જા.'

પેલો નાનો છોકરો ને તેનો બાપ ઘેર ચાલ્યા. ઘરેણાં પહેરેલા મોટા છોકરાને જોઈ બ્રાહ્મણ કેમ ન લોભાયો તેની ગુરુને નવાઇ લાગી. ગુરુએ સમાધિ ચડાવીને જોયું. નાના છોકરાએ બ્રાહ્મણને અગાઉથી સમજાવી રાખેલો એ ગુરુના જાણવામાં આવ્યું અને ગુસ્સે થયા. એ તો સમડીનું રૂપ લઈને ઊડયો. જઈને પેલા બ્રાહ્મણના રસ્તામાં ખૂબ આઘે જઈને બેઠો.

પેલા નાના છોકરાએ બ્રાહ્મણને કહ્યું : 'બાપુ ! હું ઘોડો છું. તમે મારી ઉપર બેસી જાઓ. આગળ જતાં એક આંબાનું ઝાડ આવશે. તેની નીચે એક સાધુ મળશે. તે તમોને આકાશમાંથી ઘોડો નીચે ઉતારાવશે. તે ઘોડાને વેચાતો માગશે. પણ ઘોડો આપતા નહિ. ઘોડો આપો તો લગામ આપશો નહિ.'

છોકરો ઘોડો બની ગયો. તેનો બાપ ઘોડા ઉપર બેસી ગયો અને ઘોડો આકાશમાં ઊડયો.

આંબા નીચે ગુરુ સાધુનું રૂપ લઈને બેઠો છે. બ્રાહ્મણને ઘોડો લઈને આવતો જોયો એટલે એણે બૂમ પાડી: 'એ ભાઈ ! ઘોડો ઊભો રાખ. આટલા તાપમાં ઘોડો કેમ દોડાવો છો ? ઘોડો મરી જશે તો પાપ લાગશે !'

પેલા બ્રાહ્મણે ઘોડો નીચે ઉતાર્યો અને ઊભો રાખ્યો. થોડીવાર બેઠા એટલે પેલા સાધુએ કીધું:

ઘોડો આપવો છે ?

બ્રાહ્મણે કહે: ના મહારાજ !

સાધુ કહે : ચાલ લે પાંચસો રૂપિયા લે પણ મને ઘોડો આપ.

તોય પેલા બ્રાહ્મણનું મન માન્યું નહિ.

ગુરુ કહે : 'ચાલ હજાર રૂપિયા લે પણ ઘોડો મને આપ.

બ્રાહ્મણ ધન જોઈને લલચાયો. તેણે વિચાર કર્યો : 'આટલા રૂપિયા મારાં છોકરાં ખાશે તોય ખૂટે નહિ.' એણે તો ઘોડો આપી દીધો. રૂપિયા ગણી લીધા અને ચાલવા લાગ્યો. બ્રાહ્મણે લગામ આપી નહિ.

ગુરુ કહે: 'ઘોડો આપ્યો ને લગામ કેમ આપી નહીં ? ચાલ એના પાંચસે રૂપિયા લે પણ લગામ લાવ.'

બ્રાહ્મણ વિચાર કરે છે : 'ઘોડો આપી દીધો ને હવે લગામને શું કરીશ ? ચાલને લગામ આપી દઈને પાંચસે રૂપિયા લઈ લઉં.' એણે તો લગામ આપી દીધી ને રૂપિયા ગણી લીધા અને ઘર ભણી ચાલી પડયો.

ગુરુએ ઘોડાને લગામ ચડાવી ચડાવી દીધી. એક મોટો ડંડો કાપી લીધો અને ઘોડા ઉપર ચડી બેઠો. ઘોડાને મારતો મારતો ઠેઠ ઘર સુધી લઈ ગયો. ઘેર જઈને એક ઓરડીમાં પૂરી દીધો. ગુરુએ ચેલાને કીધું. 'આ ઘોડાને કોઈ ઘાસ નાખતાં નહિ.'

આમને આમ ચારપાંચ દિવસ વીતી ગયા. ગુરુ આટો ઉઘરાવવા ગયા. એક ચેલાએ પેલા મોટા છોકરાને કહ્યું : 'જા, આ ઘોડાને પાણી પીવડાવી લાવ.'

મોટો છોકરો ઘોડાને પાણી પાવા ગયો. અરધા તળાવમાં પેઠો. ડૂબકી મારીને પોયરો બની ગયો !

ઘોડો અલોપ થઇ ગયો. મોટો છોકરો તો બી ગયો. એણે કોઈને વાત કરી નહીં. ગુરુએ ઘેર આવીને ઘોડાની તપાસ કરી. 'ઘોડાને કોણ પાણી પાવા લઈ ગયું હતું ?'

એક ચેલાએ કહ્યું: પેલા બ્રાહ્મણનો છોકરો.

ગુરુએ તો સમાધિ લીધી, ચેલો તળાવમાં પોયરો બની ગયો છે. ઠીક છે ઊભો રહે તારો ઘાટ ઘડું છું, એમ કરીને ગુરુએ દેડકાનું રૂપ લીધું અને ખોળવા તળાવમાં પેઠો.

પોયરાને આની ખબર થઈ. પટેલની ભેંસ પાણી પીવા આવી હતી. પોયરો ભેંસના પેટમાં પેસી ગયો !

દેડકાના રૂપે ગુરુએ ખૂબ ખોળ્યું પણ હોય ત્યારે મળે ને ? એટલે બહાર નીકળી સમાધિ લીધી. હાં, પટેલની ભેંસના પેટમાં પેસી ગયો છે ! એ તો ઊપડયા પટેલના ઘેર. જઈને ભેંસ વેચાતી માગી.

'પટેલ, તારી ભેંસ મને આપ.' પટેલ હા કહે અને પટલાણી ના કહે.

બાવાએ પૂછ્યું : ભેંસની કિંમત કેટલી છે ?

પટેલ કહે : પચસે રૂપિયા. તોય પટલાણી ના કહે છે. પટેલ કહે પચસે રૂપિયાની તો બે ભેંસો આવશે, અને પટેલે પાંચસે રૂપિયામાં ભેંસ વેચી દીધી.

બાવો તો ભેંસ લઈને પોતાના ઘેર ગયો. ભેંસને

ઓરડીમાં પૂરી ઝટકો મારીને ભેંસના બે કટકા કરી નાખ્યા.

ભેંસ મરી ગઇ એટલે પેલો પોપરો પોપટ બની ગયો, અને આકાશમાં ઊડી નાસી છૂટયો. રસ્તામાં એક રાજાનું ગામ આવતું હતું ત્યાં થોભ્યો. તે રાજાની એકની એક કુંવરી હતી. તે પુરુષનું મુખ જોતી નહોતી. પોપટ એ કુંવરીના હાથમાં જઈને બેઠો. રાત પડી એટલે પોપટે પોતાનું રૂપ બદલ્યું, ને વીસ વરસનો નવજુવાન થઈ ગયો.

કુંવરી કહે છે હું કે પુરુષનું મુખ જોતી નહોતી. તમારું મુખ પહેલ વહેલું આજે મેં જોયું. આજથી હું તમોને વરી ચૂકી છું.

છોકરો કહે કાલે એક મદારી આવશે. તે માયાવી બૈરીને બનાવશે ને બૈરીને મૂકીને ખેલ કરશે.

તે કહેશે હું ભગવાન સાથે લડાઈ કરવા જાઉં, મારી બૈરીને સાચવી રાખજો. એમ કરીને આકાશમાં ઊડશે થોડી વારે આકાશમાંથી હાથ, માથું, અને ધડ વારાફરતી પડશે. એટલે તેની બૈરી બળી મરશે. થોડીવારે મદારી આકાશમાંથી ઊતરશે અને પોતાની બૈરી માગશે. એ મદારી મારો દુશ્મન છે. તે મને મારવા પાછળ પડયો છે. સવારના પહોરમાં હું હારનું રૂપ લઈશ. એ તમારા ડોકમાં રાખશો. મદારી માગે તોય આપતાં નહિ. બળ જબરીથી લઈ લે તો હારને તોડીને મણકા ફેંકી દેજો.

કુંવરીએ તેમ કરવા હા પાડી. સવાર થયું. રાજદરબારમાં મદારી આવ્યો. તે કહે ખેલ કરું છું.

સૌ ટોળે વળ્યાં. મદારી ખેલ કરવા લાગ્યો.

મદારી કહે હું ભગવાન જોડે લડાઈ કરવા જાઉં છું. મારી બૈરીને સાચવજો.

એમ કહીને એણે દોરાનું પીંડલું આકાશમાં ફેંક્યું. પીંડલાનો દોરો લબડતો હતો તે દોરે દોરે પેલો મદારી ચઢવા લાગ્યો. ઠેઠ ચડી ગયો એટલે આકાશમાં એક અવાજ થયો અને એક પગ પડયો. બીજો અવાજ થયો ને બીજો પગ પડયો. ત્રીજો અવાજ થયો ને એક હાથ પડયો, ચોથો અવાજ થયો ને બીજો હાથ પડયો. પાંચમો અવાજ થયો ને માથું પડયું. છઠ્ઠો અવાજ થયો ને ધડ પડયું.

મદારીની બૈરી તો રડવા લાગી. કહે મારો ધણી મરી ગયો. હવે શું કરીશ ? મારે જીવીને શું કરવું છે? મને લાકડાં આપો. મારા ધણીને લઈને બળી મરવું છે.

લોકો કહે મદારીએ ના કીધું છે. તું શું કરવા બળી મરે છે? તારા ધણીને બાળી દે ને?

એટલે મદારીની સ્ત્રી એના ધણીને ઝાંપે લઈ ગઈ. પછી ચેહ તૈયાર કરી એના ધણીને લઈ બેઠી અને લોકોને કહયું કે ભાઇ તમે દેવતા મૂકો.

એટલે લોકોએ ચિતામાં દેવતા મૂકી. ભડભડ કરતી ચિતા સળગી. થોડી વારમાં બધું બળીને રાખ બની ગયું.

થોડીવારમાં બીજી બાજુથી પેલો મદારી પાછો આવ્યો. તેણે કહયું, ભાઇ મારી-બૈરી કયાં છે ?

લોકો કહે એ તો બળી મરી. મદારી કહે તમે બળી મરવા કેમ દીધી ? મારી બૈરી આપો.

લોકો કહે તારી બૈરી જ માની નહિ. એણે જ દેવતા મૂકવા કહયો હતો.

મદારી કહે ભલે બળી મરી મારે બૈરી નથી જોઈતી. પણ કુંવરીના ગળામાં હાર છે તે આપો એટલે હું રાજી.

બધા લોકો માંગી માંગીને થાકયા તોયે કુંવરીએ હાર આપ્યો નહિ, એટલે રાજા જાતે કુંવરી પાસે હાર લેવા ગયો. તે કહે બેટા ! તારા ગળાનો હાર મને આપ મદારીને આપવો છે. એને રાજી કરીને કાઢી મૂકીએ. તને જોઈશે તો ઘણા હાર લાવી આપીશ.

પણ કુંવરીએ હાર આપ્યો નહિ. રાજાએ ફરી હાર માગ્યો તો રીસમાંને રીસમાં હાર તોડીને ફેંકી દીધો. મણકા વેરાઈ ગયા. મદારીએ મઘાનું રૂપ લઈ તેમને વીણી ખાધા પણ એક મણકો ઊડી ગયો. ઊડીને પરદુઃખભંજક વિક્રમ રાજાના દેશમાં જતો રહયો.

મદારી તો ફરીથી રૂપ બદલીને ઘેર આવ્યા. મદારી મટી સાધુ થઇ ગયો. ગુરુએ સમાધિ લીધી. જોયું તો પેલો નાનો ચેલો વિક્રમ રાજાના દેશમાં જતો રહયાનું જણાયું. હવે શું થાય ? વિક્રમરાજાના દેશમાં તો ગુરુથી જવાય નહિ !

પેલો છોકરો તો વિક્રમરાજાના દેશમાં રહે છે. ખાય પીને રાજ કરે છે.

(આ લોકકથા ૧૯૫૬માં મેળવેલી)

❋ ઘોડીનું ઈંડું ❋

▣ શંકરભાઈ સોમાભાઈ તડવી

ગુજરાતના પૂર્વ સીમાડે મોટા મોટા ડુંગરો આવેલા છે. એ ડુંગરોમાં જે લોકો રહે છે તેને આદિવાસી કહે છે

વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં આદિવાસીઓ રહે છે. તે **રાઠવા** નામે ઓળખાય છે. આપણા ગુજરાતના બધા આદિવાસીઓમાં એ રાઠવા ઘણા પછાત છે.

પછાત લોકને સામાન્ય બાબતોનું જ્ઞાન હોતું નથી. તેમનાં અજ્ઞાન અને ભોળપણને લીધે તેમને ઘણું નુકસાન થાય છે.

અજ્ઞાનથી કેવું નુકસાન થાય છે તે એમની એક વાત પરથી જાણવા મળે છે.

એક હતો કોટવાળિયો. તે શહેર ભાળવા આવ્યો. શહેર જોવા આવ્યો.

એ બધે જોતો જોતો જાય છે. એક દુકાનના ઓટલા ઉપર એક કોળું પડી રહેલું.

પેલા કોટવાળિયાએ દુકાનદારને પૂછ્યું : 'શેઠ ! શેઠ ! આ શું છે ?'

દુકાનદાર મશ્કરો હતો. તે કહે : 'એ તો ઘોડીનું ઈંડુ છે!'

કોટવાળિયો તો વિચારમાં પડયો. 'ઓ હો હો ! આવડું મોટું ઘોડીનું ઈંડું ? મારે ઘેર કૂકડી છે. તેનું ઈંડું તો આવડું અમથું હોય છે. ને આ ઘોડીનું ઈંડું કેવડું મોટું છે ! મારે ઘેર કૂકડી છે પણ ઘોડી નથી. લાવ મને આ ઘોડીનું ઈંડું લઈ જવા દે.'

કોટવાળિયે પૂછ્યું : 'શેઠ ! શેઠ ! આ ઘોડીના ઈંડાના કેટલા પૈસા ?'

દુકાનદાર કહે : 'પાંચ રૂપિયા.'

કોટવાળિયો પાંચ રૂપિયા લઈને બજારમાં ખરીદી કરવા આવ્યો હતો.

કોટવાળિયાએ વિચાર્યું : 'આ ફેરા ઘોડીનું ઈંડું લઈ જવા દે. ઈંડામાંથી વછેરું થશે. વછેરું મોટું થશે તો ઘોડું થશે.'

એટલે તે કહે : 'શેઠ ! લે આ પાંચ રૂપિયા, મને ઘોડીનું ઈંડું આલી દે.'

દુકાનદારને તો ચાર આનાના કોળાના પંચ રૂપિયા ઉપજતા હતા. તે શું કરવા ના કહે ? તેણે તો તરત કોળું કોટવાળિયાના માથે મુકાવી દીધું.

કોટવાળિયો કોળું માથે મૂકીને ઘેર જવા લાગ્યો. આગળ જતાં કોટવાળિયો ઝાડે ફરવા જવાનો થયો. કોળાને એક જગ્યાએ મૂકીને તે લોટે જવા ગયો.

કોટવાળિયો તો લોટે જઈ આવ્યો. કોળું લેવા જાય છે, તેવું જ કોળું ફાટીને પડયું.

કોળું એક ખાખરના ઝાડના બાંટમાં પડયું.

ખાખરના ઝાડવામાં સસલો દબાઈ રહ્યો હતો. કોળું પડયું તેવો જ તે દોડનો નાઠો.

કોટવાળિયો બોલી ઊઠયો : 'ઓ હો હો ! આ ઘોડીનું ઈંડું ફાટયું ને એમાંથી તો સસલું નીકળ્યું !'

એ તો સસલાની પાછળ પડયો.

સસલાને અહીં ઝાલું, પણે ઝાલું કરતો કોટવાળિયો દોડવા લાગ્યો.

કોટવાળિયો દોડી દોડીને થાકી ગયો. લોથપોથ થઈ ગયો, પણ સસલું ઝલાયું નહિ.

કોટવાળિયો તો આમ તેમ શોધે છે. એટલામાં તેણે એક વાઘ જોયો.

કોટવાળિયો કહે : 'ઘડી પહેલાં તો નાનો હતો ને આવડો મોટો વછેરો થઈ ગયો.'

વાઘની મોટી મોટી આંખો જોઈને કોટવાળિયો બી ગયો.

તે કહે : 'આ તો હવે ઘોડી વગર નહિ આવે. ઘોડીની જોડે વછેરો આવશે.

'લાવ, કોઈની ઘોડી શોધી લાવું. ઘોડીની પાછળ વછેરો આવશે. એટલે પકડી લઈશ.'

આમ કરીને કોટવાળિયો તો એક ગામમાં ગયો. ગામ નજીક હતું.

કોટવાળિયો ગામના પટેલ પાસે ગયો. તે પટેલને કહેવા લાગ્યો :

'પટેલ બાવા ! તારી ઘોડી ના આપે ?'

પટેલ : 'શું કરવા ?'

કોટવાળિયો કહે : 'મારો વછેરો નાસી છૂટ્યો છે. પેલા ડુંગરમાં છે. તારી ઘોડીને લઈને જાઉં એટલે તે ઘોડીની પાછળ પાછળ આવતો રહેશે. વછેરાને હું ઝાલી લઈશ પછી તારી ઘોડી આપી દઈશ.'

પટેલને દયા આવી. વછેરો પકડી લીધા પછી મને ઘોડી પાછી આપી દેશે એમાં મારું શું બગડી જવાનું છે, કહીને પટેલે પેલા કોટવાળિયાને ઘોડી આપી.

કોટવાળિયો તો ઘોડી લઈને ડુંગરમાં ગયો.

વાઘ પાસે જઈને ઘોડી છોડી મૂકી.

કોટવાળિયો તો જોવા લાગ્યો. તેના મનમાં એમ કે, હમણાં ઘોડીની પાછળ વછેરો આવશે.

પણ વછેરો આવ્યો નહિ.

વાઘે તો ઘોડીને તરાપ મારીને મારી નાખી !

કોટવાળિયો તો વીલા મોંએ પટેલને ઘેર આવ્યો.

કોટવાળિયો કહે : 'પટેલ બાવા ! મારો વછેરો જબરો જોરાવર નીકળ્યો. ઘોડીને ના ગાંઠ્યો. ઊલટો તારી ઘોડીને મારી નાખી.'

પટેલને નવાઈ લાગી. વછેરો તો વળી ઘોડીને મારી નાખતો હશે ?

પટેલે ડુંગરમાં જઈને જોયું તો વાઘે ઘોડીને મારી નાખેલી !

મૂરખ કોટવાળિયાએ પટેલની ઘોડીને ફાડી ખવરાવી.

(આ વાર્તા ખડકવાડા તા. છોટાઉદેપુરના ભંગડા નાથુ ચમાર પાસેથી ૧૯૭૮ માં પ્રાપ્ત થઈ હતી.)

સરનામું : શંકરભાઈ સો. તડવી, રેલ્વે ફાટક પાસે, પાવી–જેતપુર. જિ. વડોદરા.

WITH BEST Compliments from

BARODA ELECTRICALS & TELECOM

Engineers Contractors & General Suppliers
In Eelectricals & Tele Communications

9, Ranoliwala Building, Behind Khanderao Market,
Shiyabaug Char Rasta,

BARODA - 390001

"બારમાંથી ત્રીસ જાય તો ?... ?....?"

● જી. વી. પટેલ

એક ફકીર જબરો જ્ઞાની હતો.

જ્ઞાની તેવો જ અભિમાની પણ ખરો.

તે એક ગામમાંથી બીજા ગામમાં ફર્યા કરે. લોકોને અવનવા પ્રશ્નો પૂછે. લોકો જવાબ ન આપે, એટલે તેમની મશ્કરી કરી બીજા ગામ તરફ ચાલવા લાગે...

...પછી તો ફકીર જ્ઞાન વડે સંપત્તિ મેળવવા લાગ્યો. શરતમાં તેના પ્રશ્નનો જવાબ આપે તેનો ગુલામ બનવા તૈયાર થતો. સાચો જવાબ ન મળે તો શરત મુજબ આપવું પડતું. શરતમાં તેનો વિજય નક્કી જ બનતો.

હવે તો ફકીરનું જ્ઞાન કમાણીનું એક સાધન બની ગયું હતું. એક ગામથી બીજે ગામ ફરીને તેણે કેટલાંયે ખેતર, ગાયો, સોનામહોરો વગેરે મેળવી હતી. હજુ સુધી તેને હરાવનારો કોઈ માથાનો મળ્યો ન હતો. પરિણામે તે પ્રતિવર્ષ ધનવાન બનતો જતો હતો.

ધીમે ધીમે ફકીરને તો વધુ સંપત્તિ મેળવવાનો મોહ જાગ્યો. તેથી એક રાજાના નગરમાં ગયો. નગરના ચોકમાં જઈને બેઠો, અને તેની શરત લોકોની સમક્ષ રજૂ કરી. "જે કોઈ મારા પ્રશ્નનો જવાબ આપશે, તેનો હું ગુલામ બનીશ અને ન આપે, તો મને સો સોનામહોર આપે!"

ફકીરની વાત નગરના રાજા પાસે પહોંચી. રાજાને પણ તેના રાજદરબારના પંડિતોના જ્ઞાનનો અનુભવ ખરો. એટલે રાજાએ બીડું ઝડપ્યું.

બીજે દિવસે સવારે ફકીર રાજદરબારમાં હાજર થયો. ફકીરે રજૂઆત કરી :

પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે ઘેર દીકરા,
ત્રીજું સુખ તે સુલક્ષણા નાર,
ચોથું સુખ તે.... ? .... ? ... ?

રાજાના બધા પંડિત-વિદ્વાનો વિચારી, એકબીજા તરફ જોવા લાગ્યા. કોઈ જવાબ જ ન આપી શક્યું. આમ રાજદરબારમાં રાજાનું મોં કાળું થઈ ગયું. અંતે ફકીરે જ જવાબ આપ્યો : "ચોથું સુખ તે કોઠીએ જાર." અર્થાત ઘરમાં આખા વર્ષ માટેનું પૂરતું અનાજ કોઠીમાં સંગ્રહ થયેલું હોય તો તે સુખનો ચોથો પ્રકાર છે.

અને આમ રાજા શરત હારી ગયા. શરતના નિયમ મુજબ રાજાએ ફકીરને સો સોનામહોર આપી.

લોભી ફકીરે વળી બીજા દિવસે હાથ મારવાની બાજી અજમાવી. કારણ કે લોભને કદાપિ થોભ ન હોય. પ્રથમ મુજબ જ તે હારે તો ગુલામ બને, અને જીતે તો એક હજાર સોનામહોર તેને મળવી જોઈએ.

હવે તો રાજા માટે નાકનો સવાલ આવીને ઊભો રહ્યો. પરિણામે લોકલાજે પણ ફકીરને બોલાવવો જ પડે. રાજાના દરબારમાં ફકીર હાજર થયો. આ વખતે તેણે ઘણો જ લાંબો પ્રશ્ન પૂછયો :

પહેલું દુઃખ તે મોં માંકડું.
બીજું દુઃખ તે ઘર સાંકડું,
ત્રીજું દુઃખ તે પાડોશી ચાર,
ચોથું દુઃખ તે ઘર-આંગણે ઝાડ,
પાંચમું દુઃખ તે ઘર આંગણે કૂવો.

છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું અને દસમું દુઃખ કયું ?

ફકીરનો પ્રશ્ન સાંભળી થોડીવાર પછી એક વિદ્વાન, પંડિત ઊભા થયા અને બોલ્યા,

છઠ્ઠું દુઃખ તે દીકરો જુદો,
સાતમું દુઃખ તે બેન ભેળો ભાઈ,
આઠમું દુઃખ તે ઘરજમાઈ,

...અને પછી પંડિતજી અટકી ગયા. માથા પર હાથ મૂકી વિચારે છે, પણ કંઈ જડતું નથી. રાજાને મનમાં એમ હતું કે ફકીરની ખોડ ભૂલાવી દઉં, પણ કોઈ પંડિતનો ગજ વાગતો નથી.

ખરેખર હવે તો રાજાના તેમજ રાજદરબારના જાણે આબરૂના કાંકરા થવા લાગ્યા. પંડિતો તો શરમથી માથું ઝૂકાવીને બેસી રહયા છે. કોઈ જવાબ આપે તેની રાહ

રાજા જુએ છે, પણ ફકીરના પ્રશ્નનો કોઇ જ ઉત્તર આપવા માટે શક્તિમાન નથી. જ્ઞાની પંડિતો રાજદરબારમાં હોવા છતાં, રાજાનો હાથ ઝાલનાર કોઈ દેખાતું નથી. આમ રાજા બીજી વખત પણ શરત હારી ગયા. પછી ફકીરે આગળ ઉમેરતાં જણાવ્યું :

નવમું દુ:ખ તે વાંઝિયાપણું
દસમું દુ:ખ તે આંધળાપણું

બીજી શરતમાં પણ રાજાનો પરાજય થયો. જેથી તેમણે ફકીરને એક હજાર સોનામહોર આપી.

રાજા તો પછી ચિંતાનાં વાદળોમાં ઘેરાઈ ગયા. બપોરે ભોજન પણ ન લીધું. બત્રીસ ભોજન તેમના માટે ઝેર સમાન બની ગયાં. રાજાને મનમાં બીક પેસી ગઇ કે આમને આમ ફકીર તેમની બધી જ સંપત્તિ લઈ જશે તો! હવે કાલે શું થશે? બેઘડી વિચારમાં પડી ગયા કે આ સૂર્ય જ જો આથમે નહીં તો સારું! રાજા પર આભ તૂટી પડયું હતું, અને હવે અણીના વખતે આગ લાગે ત્યારે ઘર ઓલવવા કયાં કૂવો ખોદવા જવું?

વિચારમાંને વિચારમાં સાંજ પડી. લગભગ સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. એટલામાં બહાર એક બ્રાહ્મણ ભીખ માગવા આવ્યો. તેને જોઇ રાજા રાજમહેલમાંથી બહાર આવ્યા. એટલે બ્રાહ્મણે રાજાને જોઈ કાકલૂદીપૂર્વક વિનંતી કરી :

"મહારાજ! બચકું રોટલો આપો તો સારું! બે દિવસથી ભૂખ્યો છું!"

"અરે! રોટલો શું? તું માગે તે તને આપું! પણ મારી એક શરત પૂરી કરી આપ તો!"

"ફરમાઓ રાજાજી! હું આપનું તેમજ પ્રજાનું કલ્યાણ કરવા માટે આકાશ-પાતાળ એક કરીશ અને કોઈ પણ હિસાબે આપનું કામ કરી આપીશ!"

"હું તને કાલે સવારે કામ વિષે જણાવીશ!" રાજાએ મનમાં થોડા ખુશ થતાં જણાવ્યું.

રાત્રે રાજાએ બ્રાહ્મણને પેટભરીને પોતે જે જમ્યા તે જમાડયું. બ્રાહ્મણ તો બે દિવસથી ભૂખ્યો હતો તેથી પેટ ભરીને જમ્યો. જમ્યા પછી રાજાની કૃપાથી ખુશ થઈ આશીર્વાદ આપતાં કહેવા લાગ્યો : "ભગવાન આપનું કલ્યાણ કરે!"

રાત્રે બ્રાહ્મણને સૂવા માટે પથારી પણ મળી ગઇ. બીજે દિવસે સવારે ઊઠીને રાજાએ ગામમાં આવેલા ફકીરની વાત બ્રાહ્મણને કરી. બ્રાહ્મણે રાજાને કહ્યું "મહારાજ! આ વિશેની હવે જરા પણ ચિંતા ન કરશો. બધું બરાબર થઈ રહેશે!"

ત્યાર પછી બ્રાહ્મણ અને રાજા ફકીર પાસે જવા તૈયાર થયા. બંને નગરના ચોકમાં ફકીરની પાસે આવતા હતા. ફકીરે જોયું કે રાજાની સાથે કોઈ બ્રાહ્મણ આવે છે. એટલે માથાનો ફરેલો ફકીર બધી જ પરિસ્થિતિ સમજી ગયો. બંને ફકીરની પાસે આવીને ઊભા રહ્યા, એટલે ફકીરે તરત જ પ્રશ્ન ઊભો કરી કહેવા લાગ્યો :

બામણ રે બામણ, તારી કોટે બાંધું દામણ,
બારમાંથી ત્રીસ ગયા, તો પછી કેટલા રહ્યા ?

બ્રાહ્મણ તો જ્ઞાની-વિદ્વાન હતો. તેને કંઈ વિચારવાનું હોય? એટલે તેણે તો એ જ ક્ષણે ફકીરને રોકડો જવાબ આપ્યો :

અરે, મીયાં રે મીયાં, તારી ઘોર ખોદું ઈયાંને ઈયાં,
ઉપર મૂકું ચારનો ભારો, બારમાંથી ત્રીસ ગયા, રહ્યા અગિયાર.

અર્થાત એક વર્ષના બાર મહિના થાય. અને એ બાર મહિનામાંથી ત્રીસ દિવસ બાદ કરીએ એટલે ત્રીસ દિવસનો એક મહિનો ઓછો થાય. આ રીતે બાર મહિનામાંથી એક મહિનો બાદ કરીએ એટલે અગિયાર મહિના બાકી રહે.

આ રીતે બ્રાહ્મણે તો ફકીર આગળ રંગ રાખ્યો.

ફકીર ઊભો થઈ બ્રાહ્મણને પગે પડયો, કારણ કે તેનું પાણી ઊતરી ગયું. તે તેનો ગુલામ બનવા તૈયાર થયો, પણ બ્રાહ્મણે ના પાડી. બ્રાહ્મણે તો ફકત વિનંતી રૂપે ફકીરને કહ્યું : 'હવે લોકોને ઊઠાં ભણાવવાની પ્રવૃત્તિ છોડી દે!'

ત્યારથી ફકીરે લોકોને છેતરવાના બંધ કર્યા.

રાજાએ વિદ્વાન બ્રાહ્મણને તેના રાજદરબારમાં કાયમને માટે રાખી લીધો.

આમ બ્રાહ્મણે રાજાનું દુ:ખ અણીના સમયે દૂર કર્યું. હવે પછી તો તે રાજદરબારનો માનીતો પંડિત બની ગયો.

★

(જ્યોતિષનું કામ કરતા પુંસરીના ધનાભગત પાસેથી સાંભળેલી. તા. ૨-૧૧-૮૧ના રોજ)

સરનામું : જી. વી. પટેલ, ખિલાતરવાડા, કનકેશ્વરી માતા પાસે, સિધ્ધપુર.

❋ કરમ ને લસ્મી ❋

❋ જયંતીલાલ સો. દવે

કરમ ને લસ્મી એક આંબા હેઠળ બેઠાં સે, વાદ વદે સે. કરમ કે 'હું મોટો' ને લસ્મી કે 'હું મોટી!' તાણે એક કઠિયારો આયો. કરમ કે 'હે લસ્મી, આ બાપડાને હેંડવાની હાલત નથી, તાણે એનું ભલું કરો.' આ લસ્મીએ તો જેડુ રતન કાઢીને આલ્યું. આ તો સવા લાખનું રતન. જેડુ ખીસ્સામાં ઘાલીને હેંડતા થ્યા. વચમાં તેલાવ તલાવ આયું. કઠિયારો પાણી પીવા જ્યો, તે રતન પડી જ્યું. માછલી ગળી ગઇ.

કઠિયારે તો ઘેર જઇને વાત કરી કે 'મને તો જેડુ રતન આલ્યું'તું પણ પાણી પીવા જ્યો તે પડી જ્યું.'

કઠિયારણ કે, 'હોવે તને રતન આલતાં હશે! જા છાનો માનો, એંધણાની ભારી કરી લાય!'

આ તો હેંડયા. કરમ કે 'લસ્મી, તારું આલેલું રતન તો આણે પાડી દીધું. એની દશા તો એ જ રહી!'

લસ્મી કે'સે, 'હશે, બાપડો અભાગિયો' લસ્મીએ તો બીજું રતન આલ્યું. આણે આ ફેરે તો બરાબર કેડે બાંધ્યું. પાણી પીધું ને ઘેર હેંડયો. આણે તો કઠિયારણને વાતે ય કરી. રતન કલુડીમાં મેલી, કોડિયું ઢાંકયું.

કઠિયારો તો લાકડાની ભારી નાખવા જ્યો, ને ઉંદરડાએ કલુડી ઊંધી પાડી, રતન તાણી જ્યો. એ વખતે લાભુ શા વાણિયો કઠિયારાને ત્યાં ઉઘરાણી કરવા આયો. પણ ઘેર કોઇ હોય, તો ઉઘરાણી થાય ને! કઠિયારણ પાણી ભરવા જઈ'તી. કઠિયારો ભારી નાખવા.

લાભુ શા કે, 'પૈસા મારા બાકી સે. ઘેર તો કોઇ નથી. પણ ઉંદેડે મેલી દીધેલું જેડૂ રતન ફળિયામાં પડેલું જોયું. ઝટ લઈને ખીસ્સામાં ઘાલીને રવાના થૈ જ્યો.

કઠિયારે કઠિયારણને કીધું. 'જો, રતન જેડૂ લાયો સુ!'

કઠિયારણ કે'સે. 'ચ્યાં સે જેડૂ રતન? જા. બીજી ભારી કરી લાય!'

કઠિયારો તો બાપડો હેંડયો જાય સે. તાણે કરમે લસ્મીને કીધું: 'હજી આ બાપડો ગરીબ સે. ઈની ભૂખ કાંઈ ગઈ નથી.'

લસ્મીએ કીધું, 'હવે તમારો વારો સે!'

કરમે કીધું, 'મારી જોડે તો કંઈ નથી, પણ એક આ દાહકું સે ઇ આલો!'

લસ્મીએ તો આ વખતે કઠિયારાને દાહકું આલ્યું. દાહકું લઈને જ્યો, તાણે રસ્તામાં એક માછીમાર મલ્યો.

કઠિયારો કે'સે, 'ભઈ, દહકાની માછલી આલો ને!'

માછીમાર કે, 'દહકાની માછલી ના આવે!'

કઠિયારો કે, 'ભઈ, જેવી આવે એવી, ગમે એવી આલશો, તો ય ચાલશે!'

તાણે આ માછીમારે, ફેંકી દેવા જેવી માછલી આલી. એ લઈને કઠિયારો ઘેર જ્યો.

કઠિયારણને કે, 'જો, હું માછલી લાયો છું. અચછી તરેંથી ભાજી બનાવો.' આ માછલી તેર જેડૂ રતનવાળી હતી. ચીરવા બેઠાં, રતન જેડૂ નેકળ્યું. કરમે કર્યું દાહકાના કરમે કર્યું, ઈ લસ્મી ના કરી હકી. કઠિયારો તો રાજી થૈ જ્યો. અને બોલવા માંડયો, 'લાભ્યા, ભઈ લાભ્યા!' હવે લાભુ શા શેઠ મેડીમાથે બેઠા'તા. એણે સાંભળ્યું. એણે વિચાર કર્યો, 'મારું બેટું, આ કઠિયારો જાણીગ્યો. ગામમાં મારી આબરુ રે'શે નૈ. જઈને આપી આવું.'

આ લાભુ શાએ તો રતન જેડૂ આલ્યું સે, કે કોઇને વાત કરીશ મત.

કઠિયારો ધનવાન બની જ્યો.

કરમે કીધું, 'કેમ લસ્મી, મોટુ તું કે મું?'

કરમ વગર કોડી પણ નથી.

(આ લોકકથા મને કરસનભાઈ પ્રજાપતિએ આપી છે. હું એમનો આભારી છું.)

સરનામું : જયંતીભાઇ સો. દવે, અધ્યાપક કોલોની, અડાલજ. જિ. ગાંધીનગર



શ્રી ખોડીદાસભાઇ પરમાર

કાઠિયાવાડની લોકકથાને માથે કલગી ચડાવનાર બાજંદો કલાકાર

શ્રી ખોડીદાસ પરમાર

—જોરાવરસિંહ જાદવ

મોઢે મૂછોના મોટાં થોભિયાં રાખતા અને ભાવનગર શહેરમાં ઘોડાગાડીનાં ભાડાં કરતા, કારડિયા રાજપૂત શ્રી ભાયાભાઇ પરમારે, તાંતણિયા ધરાવાળી મા ખોડિયારની બાધા રાખી :

'માવડી ! આંગણે દેવની દીધેલી દીકરિયું તો ઘણી છે. મે'ર કરીને વાંહે વાસ નાખનારો એક દીકરો દઈશ તો તારા થાનકે આવીને એક શીંગલો ઘેટો ચડાવીશ.'

ખોડિયારમાએ ભાયાભાઈની ઈચ્છા પરિપૂર્ણ કરી ૩૧ જુલાઇ ૧૯૩૦ના દા'ડે. પરમાર પરિવારમાં દેવના દીધેલા દીકરાનો જન્મ થયો. વધામણીની થાળી વાગી. થાળી મોઢે પતાસાં વહેંચાયાં. ખોડીયારમાએ દયા કરીને દીધેલા દીકરાનું નામ રાખ્યું ખોડીદાસ. કુટુંબમાં આનંદ આનંદ થઈ રહયો. ભાયાભાઈ તો કતડિયો ઘેટો લઈને પહોંચ્યા ખોડિયારને મંદિરે. ત્યાં તો અંતરમાંથી આર્ત-નાદ ઊઠયો. મૂંગા જીવની હત્યા શા સારુ ? દીકરાના બદલામાં કંઈ ઘેટાનું ઢીમ થોડું ઢાળી દેવાય ? એમ વિચાર કરીને ઘેટાનો કાન હલાલ કરી, ખોડિયારમાની બાધા પૂરી કરી અને ઘેટાને વગડામાં રમતો મૂકી દીધો.

ખોડીદાસભાઈના દાદા માનસંગભાઇ પરમાર મૂળે ભાવનગર જિલ્લાના વાળુકડ ગામના વતની. એ સમયે લૂંટારાનું જોર જબરું. જાનમાં સાથે વોળાવિયા (રક્ષકો) રાખવામાં આવતા. શ્રી માનસંગભાઇ એક ખરકની જાન-માં વોળાવિયા તરીકે ગયેલા. મારગ માથે લૂંટારુની ટોળી-એ જાનને આંતરી. માનસંગભાઈનું ક્ષત્રિય લોહી તપી ઊઠયું. તરવાર્યુંના કુંડાળાં તણાણાં. બે ચાર લૂંટારુને ધૂળ ચાટતા કરીને માનસંગભાઈ ઊજળા મોઢે વીરગતિને વર્યા.

એ પછી ભાવનગરના જાણીતા શેઠ શ્રી પ્રેમચંદ રતનજી, માનસંગભાઈના દીકરા ભાયાભાઈને ભાવ-નગરમાં લઈ આવ્યા. ભાયાભાઈએ કુટુંબના નિર્વાહ માટે, ભાડે ઘોડાગાડી ફેરવવાનો વ્યવસાય સ્વીકાર્યો. એ કથા પૂરી થાય છે અને અહીંથી કરમી કારડિયા રાજપૂત કલાકાર શ્રી ખોડીદાસ પરમારની કલાયાત્રાનો આરંભ થાય છે.

ગોહિલવાડની ધરતીની ધૂળમાં આળોટીને ઊભા થયેલા અને એ કરમી ભોમકાની માટી સાથે મહોબત બાંધી બેઠેલા શ્રી ખોડીદાસ પરમાર એટલે કાઠિયાવાડની લોકકળાના

બાજંદા કલાકાર. પીંછી અને કલમના કામણગારા કસબી. મૌલિક લોકચિત્રણ શૈલીના શક્તિશાળી સર્જક. લોકસાહિત્યના ઉપાસક. લોકસંસ્કૃતિના ઊંડા અભ્યાસી. લોકજીવનના પ્રાણના પ્રબળ પરખંદા. નરદમ સાદગી નીતરતું વ્યક્તિત્વ. સિદ્ધ સાધકની નમ્રતા, હસમુખો ચહેરા, મૂંગે મોઢે મુશીબત વેઠી લઈને બીજાને અહર્નિશ ઉપયોગી થવાની લગની. અભિમાનનો અંશેય ન મળે. અજાણ્યો માણસે ય એમને મળવા જઈ ચડે તો જુગજૂની ઓળખાણ હોય એવા તો એના અંતરમાં પડઘા પડવા મંડે, એવી તો એમની અમીરાત.

એ કાળે કારડિયા રજપૂતો મોટે ભાગે ખેતીવાડી કરે. એ નાતમાં ભણવાનું નામનિશાન ન મળે. કાળા અક્ષર કુહાડે મારેલા. ઇ ટાણે કુટુંબના નિર્વાહ માટે પેટિયું રળવા અથાક પરિશ્રમ કરતા ભાયાભાઈએ મનમાં ગાંઠ વાળી, કે અમે તો ભલે ધાબડધીબડ જિંદગી ગાળી નાખી, પણ આ ખોડાને તો મારે ખૂબ જ ભણાવવો છે.

સાતેક વર્ષ થયાં ને ખોડીદાસ પાટીપેન લઈને નિશાળે ભણવા ગયા. ત્યારે ખુદ એમના માસ્તરને ય ક્યાંથી કલ્પના હશે કે એમનો શિષ્ય લોકકલાકાર બનીને ભારતભરમાં એના નામનો ડંકો વગાડશે? એનાં ચિત્રો પરદેશી કલારસિકોના બેઠકખંડો અને સંગ્રહસ્થાનોની શોભા બની રહેશે?

ભાયાભાઈ પરમારનું ઘર બહેન દીકરિયુંથી ભર્યું ભાદર્યું હતું. ઈ ટાણે ગોહિલવાડનાં રાજપૂત કુટુંબોમાંય કણબી પટેલની જેમ ભરત ભરેલાં કપડાં પહેરવાનો રિવાજ. બહેન, ભાભી વગેરે પંડે ભરત ભરેલાં કપડાં પહેરે. હાથે આળેખે ને સુંદર રીતે ભરે. વળી મોતીનાં ગૂંથણ કરે. શ્રી ખોડીદાસભાઈના બાળસાનસમાં કલાસંસ્કારની આ સૂઝ પ્રગટાવવાનો યશ એમના કુટુંબના આ વાતાવરણને ફાળે જાય છે. કારડિયા રાજપૂત રીતિમાં દીકરીનો જન્મ થાય ત્યારથી જ એને આણામા આપવા માટે ભરત ભરવાના શ્રીગણેશ મંડાતા. ધોળા, રાતા, પીળા અને લાલ, લીલાં લૂગડાં પર સળી કે અણીદાર દાતણના ડોયા વડે ફૂલવેલ, બુટ્ટા, હાથી, દીપટ્ટા, કાનગોપીનું વલોણું, ગણપતિબાપા વગેરેના વૈવિધ્યપૂર્ણ આળેખો હાથ વડે આળેખાતા અને તેના પર રંગબેરંગી સૂતર અને ભાતીગળ હીરનું રૂડું-રૂપાળું ભરત ભરાતું. ખોડીદાસના બાળાભોળા હૈયાને આ આળેખ અને ચિતરમાં ભારે રસ પડયો. આ બધાની



શ્રી ખોડીદાસભાઇનું એક રેખાંકન

સચોટ અસર ખોડીદાસના બાળમાનસ પર પડી. આ ભરતકામ ઉપરથી તેમણે પ્રેરણા પ્રાપ્ત કરી. અત્યારે તેઓ સૌરાષ્ટ્રીય શોભનની પદ્ધતિએ આગવાં આલેખના દ્વારા પોતાની ચિત્રશૈલીથી ચિત્રકામ કરી રહયા છે.

નાનપણથી આરંભાયેલી ચિત્રની શરૂઆત પછી રીતસરની તાલીમ તે હાઈસ્કૂલમાં ભણવા ગયા ત્યારે શરૂ થઈ. એ વખતે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ કલાશિક્ષક હતા સોમાભાઈએ ખોડીદાસના કલારસિક હૈયાને તરત જ ઓળખી કાઢયું. એમણે તેમને ખંતપૂર્વક ચિત્રના રંગ અને રેખાની સમજ આપવા માંડી. લોક કલામાં અનહદ રસ અને અભિરુચિ ધરાવતા શ્રી ખોડીદાસભાઈની ચિત્રો અંગેની સમજ, સૂરજ ઊગે ને પોયણું ખીલે એમ, ખીલવા માંડી. ગુરુને પણ લાયક શિષ્ય મળ્યાનો સંતોષ થયો. શિષ્ય પોતાથી સવાયો થાય, તેવી શુભ અને શુદ્ધ લાગણીથી શ્રી સોમાભાઈએ ખંતે ખંતે ખોડીદાસભાઈને ચિત્રકળાનાં દરેક પાસાં અને શૈલીઓનો અભ્યાસ કરાવ્યો. એટલે જ શ્રી સોમાભાઇ હસતાં હસતાં આજે ય એ વાતની યાદ આપે છે કે:

'ખોડીદાસ! તમે તો ચિત્રજગતમાં ઊડીને આગળ આવ્યા છો. તમને તો મુશ્કેલીઓ વખતે હું માર્ગદર્શન આપવા માટે બેઠો હતો. પણ હું જયારે ચિત્રકળા શીખતો હતો ત્યારે મને પદ્ધતિસર રીતે માર્ગદર્શન આપનારું એ કાળે કોઇ જ ન હતું. પ્રયોગોમાંથી પસાર થતાં થતાં રંગ, રેખા ને ચિત્રોની સમજ અતિ પરિશ્રમના અંતે વર્ષો પછી મારામાં આવી. આમ હું તો ધરતી પર ડગલાં માંડતો માંડતો આગળ વધ્યો છું. એ રીતે તમે નસીબદાર છો.'

શ્રી સોમાભાઈના હાથ નીચે ખોડીદાસે ખરેખર ઊડીને વિકાસ કર્યો. પરિણામે અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં પહોંચ્યા ત્યાં તો એ વર્ષે જ એમનાં ત્રણ ચિત્રો રાજકોટમાં ભરાયેલા 'સૌરાષ્ટ્ર કલામંડળ'ના પ્રદર્શનમાં રજૂ થયાં. એમાંથી એક ત્રીજું પુરસ્કાર લઇ આવ્યું ને એક એ જ વખતે વેચાઇ ગયું.

શ્રી ખોડીદાસ આઠમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે જાણીતા વિવેચક શ્રી તખ્તસિંહ પરમાર એમના વર્ગશિક્ષક હતા. એમણે એ વખતે 'અંકુર' નામનું હસ્તલિખિત મુખપત્ર શરૂ કરાવ્યું અને એમનામાં સાહિત્યના સંસ્કારનું બીજ રોપ્યું. જેમ સોમાભાઈએ ખોડીદાસને પીંછી પકડાવી, એમ તખ્તસિંહ પરમારે એમને સાહિત્યનાં વિધવિધ અંગોની સમજ આપી. ઘરઆંગણે વેરાઇને પડેલા લોકસાહિત્ય પ્રતિ અભિરુચિ પ્રગટાવી. હાથમાં ગુલાબનું મનગમતું ફૂલ લઈને સદાય છેવાડી પાટલી પર બેસતા ખોડીદાસને કલમ પકડાવી.

ભાવનગરમાં મેટ્રિક થઈને મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલયમાં અરધો સમય નોકરી સ્વીકારી અને સાથોસાથ કોલેજનો અભ્યાસ અને ચિત્રકામનો શોખ જીવંતપણે જાળવી રાખ્યો. તેઓ કોલેજના પ્રથમ વર્ષમાં હતા ત્યારે તેમના એક ચિત્ર માટે 'બોમ્બે આર્ટ સોસાયટી'નું પારિતોષિક અને એક ચિત્રને 'અતિ પ્રશંસનીય' નું પ્રમાણપત્ર મળ્યું. પછીના ઈન્ટરના વર્ષમાં તો તેમને ઘણાં ઈનામો મળ્યાં. જામનગરના 'વિકાસ પ્રદર્શન'માં પ્રથમ ઈનામ, સૌરાષ્ટ્ર કલામંડળનું પારિતોષિક, દિલ્હીના 'ઓલ ઈન્ડીઆ ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી' નું ભીંતચિત્ર માટેનું બીજું પારિતોષિક ને પછી 'બોમ્બે આર્ટ સોસાયટી' નું બીજું ઈનામ પણ મળ્યું.

દીકરાની ચડતી કળા જોઇને અંતરમાં આનંદની લાગણી ઢબૂરીને ભાયાભાઈએ એ અરસામાં લાંબું ગામતરું કર્યું. કુદરતે પિતાની છત્રછાયા છીનવી લેતાં ઊગીને ઊભા થતા યુવાન ખોડીદાસ પર કુટુંબની સઘળી જવાબદારી આવી પડી. એમણે હિંમત હાર્યા વિના પુરુષાર્થ આદર્યો અને 'ઘરશાળા'માં નોકરી સ્વીકારી લીધી. સાથે સાથે કોલેજનો અભ્યાસ અને ચિત્રકામ ચાલુ રાખ્યાં. કોલેજના અભ્યાસકાળ દરમ્યાન ગુજરાતી ભાષાના વિદ્વાન પ્રાધ્યાપક શ્રી ઈશ્વરભાઈ દવે સાથે પરિચય થયો. એમણે ખોડીદાસની લેખનશૈલીને સંમાર્જિત કરી, સંશોધનની દૃષ્ટિ આપી. આમ સાહિત્ય અંગેની સમજણ ખીલવા માંડી, ત્યાં તો ખોડીદાસ ગ્રેજયુએટ થઇ ગયા. દરમ્યાનમાં ૧૯૫૭ માં 'સૌરાષ્ટ્રમાં વિવાહ' એ ચિત્રને 'લલિતકળા અકાદમી' ના રાષ્ટ્રીય પ્રદર્શનમાં રૂા. ૧૦૦૦/- નું રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું. 'ભાવનગર સાહિત્ય સભા'એ તેમને ચન્દ્રક આપી એમની શકિતની કદર કરી. સને ૧૯૫૮માં 'સૌરાષ્ટ્ર કલા મંડળ' નું પ્રથમ પારિતોષિક મળ્યું. સને ૧૯૫૯ માં એ જ મંડળનો પ્રથમ સુવર્ણચંદ્રક એમને એનાયત થયો. એ વર્ષો એમને માટે ઈનામોની પરંપરાનાં હતાં. ૧૯૬૦ માં બી. એ. માં પ્રથમ આવતાં, ગુજરાત યુનિવર્સિટીએ એમને સુવર્ણચંદ્રક એનાયત કર્યો. એ અરસામાં ઉજ્જૈનના 'શાકુન્તલમ્' નામના પ્રદર્શનમાં એમના ચિત્રને ઈનામ મળ્યું.

ત્યાં સુધીમાં તો લોકચિત્રણકલાની એક આગવી શૈલી એમણે હસ્તગત કરી લીધી. અને લોકજીવનનાં રૂડાંરૂપાળાં

ચિત્રો અને ચિત્રપ્રતીકો દ્વારા આગવી ચિત્રશૈલી ઊભી કરીને, આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લીધી સૌરાષ્ટ્રની કલા-કારીગરી અને કલાવસ્તુ ઉપરથી એમણે પોતાની આગવી શૈલી ઊભી કરી છે. એમાં બીજી શોભનસ્વરૂપ પણ ઉમેરાયું છે. શ્રી ખોડીદાસભાઈનાં ચિત્રો સાચા અર્થમાં સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિને અભિવ્યકત કરે છે. સૌરાષ્ટ્રની ધરતી પર સર્જાયેલ આકળા, ચંદરવાનાં સરળ રૂપોને તેમણે તેમનાં બનાવી દીધાં છે. ત્યાંનાં ગ્રામીણ પાત્રો ઢોલી, શરણાઈ-વાળો, કોળી કે આયરને કયાંય છપાયેલા જોઈએ, તો તરત જ એ જુદા તરી આવે. ચિત્રો જોતાંની સાથે જ કહી શકાય કે આ ચિત્રો તો ખોડીદાસભાઈનાં જ છે.

ખોડીદાસભાઈની ચિત્ર સર્જનની પરંપરા જેમ જેમ આગળ વધતી રહી એમ એમ આદર અને માન અકરામ પામતી રહી. સને ૧૯૬૫માં અકાદમી ઓફ ફાઈન આર્ટ્સ કલકત્તાનો રૌપ્ય ચંદ્રક, ઓલ ઈન્ડીઆ ફાઈન આર્ટ્સ અને ક્રાફ્ટ ન્યુ દિલ્હીનાં સાત પારિતોષિકો, મધ્યપ્રદેશ કાલિદાસ સમારોહ તરફથી છ પારિતોષિકો, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી ચાર ઈનામો અને બોમ્બે આર્ટ સોસાયટીનાં ત્રણ ઈનામો મળ્યાં. ઈનામોનો વરસાદ વરસ્યો. આટલાં ઈનામોથી સંતોષ થઈ ગયો. બીજા કલાકારોને તક મળે એવા શુભાશયથી એમણે આ બધી હરીફાઈઓમાં ભાગ લેવાનું માંડી વાળ્યું.

જાણીતા ચિત્રકાર અને તસવીરકાર શ્રી જ્યોતિ ભટ્ટ લખે છે કે 'ખોડીદાસભાઈના ચિત્રવિષયમાં લોકજીવન અને કૃષ્ણલીલાનું ચિત્રણ વધારે પ્રમાણમાં હોય છે. સૌરાષ્ટ્રના ભરતપ્રિય કારડિયા રાજપૂત કોમમાંથી પોતે આવતા હોઈ લોકશૈલીનાં સરળ ચિત્રોની અસર તેમના પર વધારે છે. સૌરાષ્ટ્રની જ લોકકળામાંથી તેઓએ પોતાની ચિત્ર-પધ્ધતિનો માર્ગ શોધી કાઢયો છે. લોકકળાનાં આલેખનો, મોતીભરત, તેમજ સૂતરના ભરત–આલેખ પરથી તેઓએ પોતાની ચિત્રશૈલી નિર્માણ કરી છે. તેમની રંગાવટ પણ એ જ ભરત જેવી ગૂઢી અને ઘેરી હોય છે અને ચિત્રો-ની માંડણી પણ તે ભરતકામની શૈલીએ કરે છે. કૃષ્ણ–જન્મ તો એમનો એટલો પ્રિય વિષય છે કે હરેક જન્માષ્ટમીએ તેઓ 'કૃષ્ણ જન્મ'નું નવું ચિત્ર બનાવે છે.'

તાજેતરમાં કૃષ્ણલીલાનાં આ બધાં ચિત્રોને ગુજરાત લલિતકલા અકાદમીએ 'કાનુડાની બાળક્રીડા' નામે સચિત્ર પુસ્તક રૂપે પ્રગટ કર્યાં છે. શ્રી નટુ પરીખ આ અંગે કહે છે કે, 'વર્ષો પૂર્વે કલાગુરુ નંદબાબુએ બાળકો માટે ખૂબ જ ઉઠાવદાર ગ્રાફિક ક્વોલિટીવાળાં ચિત્રો કરેલાં. બ્લેક એન્ડ વ્હાઈટના મોટા જથ્થા એ તેની ખૂબી હતી. તેવી ખૂબીવાળાં કૃષ્ણની બાળલીલાનાં ચિત્રો શ્રી ખોડીદાસભાઈએ કરેલાં છે. ચિત્રો જેટલાં મનોહર છે એટલી એની રજૂઆત પણ આકર્ષક છે. ભગવાન શ્રી કૃષ્ણની બાળ-લીલાને ખોડીદાસભાઈએ ચિત્રોની સાથે તળપદી અને હોંશે હોંશે વાંચવાનું મન થાય, તેવી ભાષામાં રજૂ કરી છે. સાહિત્ય અને ચિત્રજગતને એમણે આપેલી એ એક મૂલ્યવાન ભેટ છે.'

શ્રી ખોડીદાસભાઈનાં અનેક ચિત્રો વેચાઈ ચૂકયાં છે. દિલ્હી, મધ્યપ્રદેશ અને અમૃતસરનાં સંગ્રહાલયોમાં સ્થાન પામ્યાં છે. સિંધિયા સ્ટીમ નેવીગેશન કું. દર વર્ષે વહાણના વિષયવસ્તુ પર તેમની પાસે ખાસ ચિત્ર તૈયાર કરાવી, દિવાળીકાર્ડ તરીકે છાપે છે. આજ સુધીમાં આવાં ૨૦ જેટલાં કલાત્મક કાર્ડ પ્રગટ થયાં છે. અમદાવાદની જાણીતી સંસ્થા ગુજરાત લોકકલા કેન્દ્ર તરફથી પણ તેમનાં લોકકલાનાં ચિત્રોનાં મનોહર કાર્ડ પ્રગટ કરવામાં આવ્યાં છે. સિંધિયા સ્ટીમ નેવીગેશનનાં કાર્ડ ટૂંક સમયમાં ગ્રંથસ્થ થનાર છે.

ચિત્રકાર તરીકે શ્રી ખોડીદાસભાઈએ જે જવલંત સિદ્ધિઓ હાંસલ કરી છે, તેવી જ સિદ્ધિઓ લોકસાહિત્ય અને સંશોધનના ક્ષેત્રે પણ હાંસલ કરીને તેઓ બેઠા છે. પીંછી અને કલમ એક કલાકારના હાથમાં હારોહાર ચાલે એવાં ઉદાહરણો જવલ્લે જ જોવા મળે છે. થોડાં વર્ષો પૂર્વે ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિએ એમનું એક અદ્વિતીય પ્રકાશન કર્યું હતું. ગુજરાત ગૌરવ લઈ શકે એવા એ ગ્રંથનું નામ છે 'સૌરાષ્ટ્રનું લોકભરત'

આ ઉપરાંત 'ઊજળાં ઓઢણ' 'ઢોળ મંગળ', 'રાસડાનો રંગ', 'ગુજરાતનાં લોકગીતો', 'શિહોર દરબારગઢનાં ભીંત ચિત્રો', (છપાય છે.), ઊગ્યાની એંધાણીઓ, અને બાળકો માટેનો એક લોકકથા સંગ્રહ એમણે આપ્યાં છે. આ સચિત્ર ગ્રંથો તથા ૬૦ જેટલા અભ્યાસી લેખો દ્વારા શ્રી ખોડીદાસભાઈએ લોકસાહિત્ય અને લોકકળાનો અનુપમ સૌંદર્યખજાનો આપણી સમક્ષ ખુલ્લો મૂકયો છે.

આજેય સૌરાષ્ટ્ર અને તેનાં ગામડાં જોવાની ઈચ્છા ધરાવતા કલાકાર મિત્રો જયારે ભાવનગર આવે ત્યારે ખોડીદાસભાઈની મુલાકાત અચૂક લે જ. એમાં પરદેશીઓ પણ ખરા. ખોડીદાસભાઈ મરક મરક વાતો કરતા કરતા પોતાની પાસે જે કંઈ જ્ઞાન છે એ બધું જ એમને પ્રેમપૂર્વક પીરસી દે. આવનારને ભરતકળાના જેટલા જોઈએ એટલા જુદી જુદી જાતના બધા જ નમૂના એમને ત્યાં જ મળી જાય. માત્ર પેટીપટારામાં સંઘરેલા જ નહીં પણ પહેરેલા– ઓઢેલા પણ. એમનાં વહુ, બહેન, ભાભી બધાં જ અસલ ઘાટીથી હાલ્યા આવતા. કારડિયા રાજપૂત કોમની બહેનો જુદી જુદી વયે જે આભૂષણો

ને પોષાકો પહેરે છે, તે જ આ બધાં પણ પહેરે છે. પોતાને, મોટા ને સુધરેલા કે'વરાવતા શહેરીઓની વચ્ચે રહીને પણ—અને તદ્દન સ્વાભાવિક રીતે.

ખોડીદાસભાઈ સોમાભાઈના માનીતા શિષ્ય. શ્રી સોમાભાઈ આજે તો અમદાવાદમાં સ્થાયી થયા છે, પણ જ્યાં સુધી તેઓ ભાવનગરમાં હતા ત્યાં સુધી, ખોડીદાસભાઈ અને શ્રી સોમાભાઈ ગુરુશિષ્ય રોજ મળે. ખોડીદાસભાઈ સાહેબ (સોમાભાઈ)ને ત્યાં ન જાય તો, સાહેબ ખોડીદાસભાઈને ઘેર આંટો દઈ આવે. દિવાળી જેવાં ટાંણેટસકે શ્રી ખોડીદાસભાઈ સાહેબને ત્યાં રંગોળી કરી દે. ભીંત શણગારવા તાવડીઓ પણ ચિતરી દે. આવા હેતપ્રીત ને હરખને કારણે જ, કોઈ પણ કળાશાખાની તાલીમ મેળવ્યા સિવાય, ખોડીદાસભાઈએ પોતાની કળાને આટલી કક્ષાએ પહોંચાડવાની લાયકાત શ્રી સોમાભાઈ પાસેથી જ હાંસલ કરી છે એનો આજે ય તેઓ એકરાર કરે છે.

આજે સિદ્ધિનું ગૌરવવંતુ શિખર સર કરીને બેઠેલા શ્રી ખોડીદાસભાઈના જીવનમાં દંભ કે આડંબરનો અંશ સરખો જોવા મળતો નથી. જેવું સરળ જીવન એવી સરળ વાત અને જેવી સરળ વાત, એવી જ સરળ એમની સૌ કોઈની ઉપયોગી થવાની ભાવના. નીતર્યા નીર જેવી એમની નમ્રતા અને સહૃદયતાએ મને અનેક વખતે એમનો ઓશીંગણ બનાવ્યો છે. મારા પ્રથમ લોકવાર્તા સંગ્રહ 'મરદ કસૂંબલ રંગ ચડે' (૧૯૬૯)ના મુખપૃષ્ઠ માટે સૌ પ્રથમવાર જ મળ્યો, ત્યારે એમણે સૂંડલો કામના ઢગલાને આઘો હડસેલીને મુખપૃષ્ઠ જ નહીં, પણ એકે એક લોકવાર્તાઓ વાંચીને, પોતાની આગવી શૈલીમાં એનાં સઘળાં ચિત્રો હરખે, હરખે કરી આપ્યાં. પછી બોલ્યા : 'મારો સંગ્રહ આવો રૂડોરૂપાળો ન બને તો ચિંતા નહીં, પણ મિત્રોના સંગ્રહો ઊજળા બને, એથી અમે ય ઊજળા બનીએ.' આવી તો ઊજળી એમની મિત્રભાવના રહી છે.

શ્રી ખોડીદાસભાઈ આજીવન વિદ્યાર્થી રહયા છે. તેમની સાધના રાતદિવસ—અહર્નિશ ચાલતી રહી છે. બી. એ. થયા પછી એમ. એ થયા. અત્યારે તેઓ ભાવનગરની કોલેજમાં અધ્યાપક તરીકે તથા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સભ્ય તરીકે સેવાઓ આપી રહયા છે. ઘરઆંગણે બેઠેલા આવા શકિતશાળી કલાકાર, લેખક અને લોકસાહિત્યના પ્રખર અભ્યાસીની સેવાઓનો લાભ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કે ભાવનગરે લેવો જોઈએ. 'ઘરના જોગી જોગટા' એ ન્યાયે આજ સુધી આ વાત ઉવેખાતી રહી છે એ શિક્ષણજગતની એક દુઃખદ ઘટના છે. આશા રાખીએ કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ક ભાવનગર યુનિવર્સિટી એ દુઃખદ ઘટનાને સુખદ ઘટનામાં ફેરવી નાખે.

કાર્ય—ઝરમર

(શ્રી ખોડીદાસભાઈ પરમારના કાર્યનો વિગતે ખ્યાલ આવે તેથી મેં એમને કેટલાક પ્રશ્નો પૂછેલા, જેના તેમણે વિગતે જવાબો પાઠવી આપ્યા છે. આ જવાબો અહીં મૂકયા છે. ભીંતચિત્રો અને લોકકલાના અભ્યાસીનો પરિચય એમનાં ચિત્રોથી જ વધુ સારી રીતે આપી શકાય. અમે કટલાંક ચિત્રો તૈયાર કરી શકયા છીએ, તે અહીં મૂકયાં છે. ખોડીદાસભાઈ નાની નાની લોકકથાઓ 'વીરડો' માં આપતા રહ્યા છે. હવે તેઓ ઘરેણાંનો પરિચય વાચકોને આપશે.

જોરાવરસિંહ અને મારી શ્રી ખોડીદાસભાઈને વિનંતી છે કે તેઓ "સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પ્રતિબિંબિત થતી લોકકળાઓ" અંગેનું સંશોધન કાર્ય પૂરું કરે અને ગુજરાતી લોકકલાના અભ્યાસનો શુભ—આરંભ કરે! અમારી ઘણી ઘણી શુભેચ્છાઓ!

—હરેન્દ્ર પ્ર. ભટ્ટ, તંત્રી)

નામ : ખોડીદાસ ભાયાભાઈ પરમાર

વતન : જીજીનું વાલુકડ. છેલ્લાં ૬૦ વર્ષથી કુટુંબ ભાવનગરમાં.

જન્મ : ૩૧—૭—૧૯૩૦ ભાવનગર.

અભ્યાસી : મેટ્રિક ફર્સ્ટ કલાસ, ૧૯૫૧. બી. એ., થર્ડ કલાસ, ૧૯૫૯.

એમ. એ., સેકન્ડ કલાસ, ૧૯૬૯. ૧૯૬૯માં 'સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પ્રતિબિંબિત થતી લોકકળાઓ'એ વિષય પર મહાનિબંધ લખવાનું શરૂ કરેલું. ૧૯૭૮માં ઘણું કામ કર્યા પછી છોડી દીધું.

વ્યવસાય : ૧૯૫૧ થી ૧૯૫૭ શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલયમાં ખંડ સમયના શિક્ષક. ૧૯૫૭ થી ૧૯૭૧ ઘરશાળા હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક અને ગુજરાતી ભાષાના શિક્ષક તરીકે. ૧૯૭૧ થી ૧૯૮૧ હાલ વળિયા આર્ટસ એન્ડ મહેતા કોમર્સ કોલેજમાં ગુજરાતી સાહિત્યના તરીકે.

લોકકલા અને લોકસાહિત્યની કામગરી : ૧૯૫૩થી લોકસાહિત્ય અને લોકકળા વિષે લખવાની શરૂઆત. ચિત્રકલાના માર્ગદર્શક : મુ. શ્રી સોમાલાલ ચુનીલાલ શાહ ચિત્રો : આશરે ૮૦ થી ૧૦૦ જેટલાં પ્રદર્શનો : ૧૯૫૨થી ભારતના જુદા જુદા સ્થળે ભરાતાં પ્રદર્શનોમાં ભાગ લેવાની શરૂઆત કરી—રાજકોટ, પોરબંદર, અમદાવાદ, મુંબઈ, સુરત, દિલ્હી, ઉજ્જૈન, ગ્વાલિયર, હૈદ્રાબાદ કલકત્તા વગેરે સ્થળે.

ચિત્ર પારિતોષિક : રાજકોટ ૧૯૪૯, પોરબંદર ૧૯૫૦, જામનગર ૧૯૫૫, મુંબઈ ૧૯૫૩, દિલ્હી યુથ ફેસ્ટીવલ ૧૯૫૫ મુંબઈ ૧૯૫૧ નેશનલ એવોર્ડ દિલ્હી ૧૯૫૭, હૈદ્રાબાદ ૧૯૬૦, ઓલ ઈન્ડીઆ ફાઈન આર્ટસ ન્યુ દિલ્હીના ૧૯૫૧ થી ૧૯૬૯માં કુલ સાત પારિતોષક, કાલિદાસ સમારોહ ઉજ્જૈન ૧૯૬૦ થી ૧૯૬૯ ૬ પારિતોષિક, ગુજરાત લલિતકલા ૧૯૬૦, ૧૯૬૫ ૧૯૫૫, સૌરાષ્ટ્ર કલામંડળનો ગોલ્ડ મેડલ. ૧૯૬૫ એકેડેમી ફાઈન આર્ટસ કલકત્તાનો સિલ્વર મેડલ, ૧૯૫૭ ગુજરાત યુનિવર્સિટીનો ગોલ્ડ મેડલ, લલિતકલા દિલ્હીએ 'સોનવાઈ વાઘ' ચિત્ર છાપ્યું છે. લોકકલામાં રસ લેતા કામ કરતા ને કરનાર મિત્રો અને મુરબ્બીઓ : શ્રી રામસિંહજીભાઈ રાઠોડ, શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરી, શ્રી જ્યોતિ ભટ્ટ, શ્રી સુરેશ શેઠ, શ્રી ઉષાકાંત મહેતા વગેરે.

સાહિત્યમાં પારિતોષિક : સૌરાષ્ટ્રનું લોકભરતને રૂા. ૪૦૦નું ત્રીજું. છૂંદણાં (ત્રાજવાં) લેખને કુમારનું રૂા. ૫૧ નું પારિતોષિક. ચિત્રો ગેલેરીમાં : નેશનલ મ્યુઝીઅમ બે ચિત્રો. ગેલેરી મોડર્ન આર્ટ ૧ ચિત્ર, અમૃતસર ગેલેરી ૧, કાશ્મીર ગેલેરી ૧, ગુજરાત ૧, મધ્યપ્રદેશ ૧ વગેરે. સિંધિયા સ્ટીમ નેવી. કું.એ વહાણનાં ૧૮ ચિત્રો કાર્ડ રૂપે છાપ્યાં છે.

ખોડીદાસ ભા. પરમારની લેખન સામગ્રી

(૨૫–૧૧–૮૦ સુધી)

પ્રસિધ્ધ અને અપ્રસિદ્ધ પુસ્તકોની યાદી: –

(૧) **ભારતીય ચિત્રકલાનું વિહંગાવલોકન** (અન્ય સાથે) ૧૯૬૫

ઈ. સ. પૂર્વ ૧૦,૦૦૦થી આધુનિક કાળ સુધીના વિકાસના તબક્કાઓનું વિદ્યાર્થી – ભોગ્ય પ્રાથમિક કક્ષાએ નિરુપણ.

(૨) **સૌરાષ્ટ્રનું લોકભરત** : (સચિત્ર) ૧૯૬૯

સૌરાષ્ટ્રની વિવિધ કોમોના લોકભરતનું સૌંદર્યદર્શી મૂલ્યાંકન ૨૭૫ રેખાંકનો. ૧૯૭૦માં ગુજરાત રાજ્યનું તૃતીય પારિતોષિક મળ્યું. **ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ** દ્વારા પ્રકાશિત થયું. (હાલ શ્રી જ્યોતિબહેન પંડ્યા આ પુસ્તકનું અંગ્રેજી કરી રહ્યાં છે.)

(૩) **ઊજળાં ઓઢાણ** : (લોકકથા સંગ્રહ) ૧૯૭૩

ગોહિલવાડમાંથી વિવિધ વ્યકિતઓ પાસેથી સાંપડેલ અને લોકજીવનનાં વિવિધ પાસાંને રજૂ કરતી આ સત્ય હકીકતો છે. **ગુજરાત રાજ્ય લોકસાહિત્ય** સમિતિએ આ સંગ્રહ પ્રસિધ્ધ કર્યો છે.

(૪) **ધોળ મંગળ** (કંઠસ્થ લોકધોળનું સંપાદન) ૧૯૭૪

લોક પરંપરાના કંઠસ્થ ધોળનું આ પ્રથમ સંકલન છે. રામાયણ, કૃષ્ણ કથા અને અન્ય ધોળની પરંપરા, સ્વરૂપ, વળા વગેરેની વિગત ચર્ચા કરી છે. **ગુજરાત રાજ્ય લોકસાહિત્ય** સમિતિએ આ સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે.

(૫) **કલા સર્જન** : (અન્ય કલાકારોના સાથમાં) ૧૯૭૭

શ્રેણી ૧૦ ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તેવી રીતે ચિત્ર સંયોજન, ત્વરાલેખન, ભાતચિત્ર, સ્ટીલ લાઈફ વગેરે અભ્યાક્રમના બધા જ વિષયને આવરી લીધા છે.

(૬) **રાસડાનો રંગ** : (રાસડા–કૂદણિયા, ગરબાં વગેરેનું સંપાદન) ૧૯૭૯

આ સંગ્રહમાં રાસડાના પ્રકારો, ઉત્પતિ, ગાવાની રીતો વગેરેનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું છે. ગુજરાત રાજ્ય લોક સાહિત્ય સમિતિએ પ્રસિદ્ધ કરેલાં ૧૪ લોકગીતોના મણકામાંથી રાસડાનું સંપાદન સોંપ્યું હતું.

(૭) **કાનુડાની બાળક્રીડા** : (લેખન અને આલેખન) ૧૯૭૯

કૃષ્ણ જન્મથી માંડી કંસ વધ સુધીની કથામાં ૪૫ કાળી શાહીનાં લોકશૈલીનાં ચિત્રો સાથે વાર્તાનો પ્રવાહ વહે છે. **ગુજરાત રાજ્ય લલિત કળા અકાદમીએ** બાળ વર્ષ નિમિત્તે આ "કાનુડાની બાળક્રીડા" બાળકોને ઈનામ રૂપે આપવા છાપી છે.

(૮) **શિહોર દરબારગઢનાં ભીંતચિત્રોનું સર્વેક્ષણ** ૧૯૮૦

ગુજરાત રાજ્યનાં ભીંતચિત્રોની મોજણીના પ્રથમ સોપાન તરીકે શિહોર દરબારગઢનાં ભીંતચિત્રોથી શરૂઆત કરી છે. લેખકને કાર્યવાહક નીમી અન્ય ફોટોગ્રાફર, ઈજનેર મોજણીકાર વગેરેની સહાયથી આ પુસ્તક તૈયાર

થવાયાં છે. તેમાં ચિત્રોનું સ્વરૂપ, પરંપરા, શૈલી અને કાર્યપધ્ધતિનું વિગતથી નિરૂપણ કરી, પુષ્કળ રેખાંકનોની પ્લેટો આપી છે.

(૯) **ગુજરાતનાં લોકગીતો** : (સંપાદન) ૧૯૮૦, **મધ્યસ્થ સાહિત્ય અકાદમી દ્વારા** સોંપાએલ આ સંપાદનમાં લોકગીતનું પદ્યસ્વરૂપ, વિવિધ પ્રકારો અને લોકસાહિત્યના વિષય બાહુલ્યનું વિવિધ દષ્ટિકોણથી ચયન કર્યું છે. આ પુસ્તક પ્રગટ થવાની તૈયારીમાં છે.

(૧૦) **ઊગ્યાની એંધાણીઓ** : (છપાય છે) બાળ અને લોકભોગ્ય શૈલીમાં 'શ્રી સહજાનંદ સ્વામી'નું જીવનચરિત્ર સચિત્ર રૂપે નિરૂપ્યું છે. મદ્રાસ 'સ્વામીનારાયણ' મંદિર તરફથી આ પુસ્તક પ્રકાશિત થવાનું છે.

(૧૧) **છાજિયા અને કીર્તન** : (હસ્તપ્રત તૈયાર છે) ૧૯૮૦.

મૃતમાનવી–લાડો, લાડી, ઘેડી, જમાઈ વગેરેની પાછળના છાજિયા, પ્રભાતે ગવાતાં પરોઢિયાં, પ્રોળિયા તેમજ 'દેહો' 'માતમ' અને 'હરિયા'એ મૃત્યુ છાજિયા છે, તે ઉપરાંત બારમા સુધીના વિવિધ કિર્તનો પણ સંગ્રાહાયા છે.

(૧૨) **લોકજીવન અને લોકસાહિત્યમાં વર્ણિત પંખીઓ** : (હસ્તપ્રત તૈયાર છે) ૧૯૮૦.

લોકજીવન અને ગીત, વાર્તામાં પંખીઓ કેવી રીતે વણાએલ છે. તેવા ૨૦ પંખીની પરિચય આપતી હારમાળા.

(૧૩) **કરણનો પોર** : (સંપાદન) હસ્તપ્રત તૈયાર ૧૯૮૦, સંવત ૧૮૧૨ના વર્ષે ગરમાલી ગામના રહીશ શ્રી કલ્યાણે આ પોર રચ્યો છે. તેની નકલ ભટ્ટ પુરુષોત્તમ હરજીએ સંવત ૧૮૯૨માં કારતક સુદ ૨ જે કરી છે. આ પોરની સાથે લોકગીતોમાં અને સલોકામાં ગવાતાં પોર પણ પૂરવણીમાં લીધા છે.

(૧૪) **ખાંભી અને પાળિયા** : એક અધ્યયન, (હસ્તપ્રત તૈયાર) સચિત્ર હસ્તપ્રતમાં સૌરાષ્ટ્ર અને ભારતીય પાળિયા–ખાંભીની પરંપરા, સ્વરૂપ અને Motif ની રજૂઆત કરી છે.

વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખો

૧ સૌરાષ્ટ્રનો લોક ઉદ્યોગ–કોઠી, કોઠલાં–ગુર્જરી–૫ ૧૯૬૮
૨ મારી ટાંચણ પોથીનાં પાન. લોકગુર્જરી–૬ ૧૯૬૯
૩ અંજારનાં ભીંત ચિત્રો (અન્ય સાથે) લોકગુર્જરી–૭ ૧૯૭૪
૪ દેશજ સાહિત્ય અને ગ્રામજીવનમાં પખીઓ. લોકગુર્જરી–૭ ૧૯૭૪
૫ સૌરાષ્ટ્રનાં ભીંતચિત્રો લોકગુર્જરી–૮ ૧૯૭૬
(આ લેખો 'લોકગુર્જરી'ના વાર્ષિક અંકમાં પ્રગટ થયેલા.)

લોકકળા, કારીગરી અને કલાકારનો પરિચય

૬ સૌરાષ્ટ્રનું લોકભરત (પરિચય લેખ) ૧૯૬૦
૭ ત્રાજવાં–લોકશણગાર (છૂંદણા) (રૂા.૫૦/પુરસ્કાર) ૧૯૬૫
૮ લોકશૈલીમાં સીતાનો સોનમૃગ. દીપોત્સવી.
૯ શિકોતરી (ગૃહની લોક દેવતા) ૧૯૬૨
૧૦ રબારણ–ભરવાડણ (ઓળખ–પરિચય) ૧૯૬૦
૧૧ ચિત્રકાર પ્રતાપસિંહ જાડેજા (કલાકાર પરિચય) ૧૯૬૯
૧૨ ભગવાન કપૂર (કલાકાર પરિચય) ૧૯૬૩
૧૩ જ્યોતિ ભટ્ટ (કલાકાર પરિચય)
૧૪ કુમાર શ્રી મંગલસિંહજી (કલાકાર પરિચય) ૧૯૭૭
૧૫ નટુભાઈ પરીખ (કલાકાર પરિચય) ૧૯૮૦
૧૬ "આકાર" (ભાવનગર કલા મંડળ પરિચય)
૧૭ ભાદરવા અને ઋપેશ્વરના ભીંતચિત્રો (અન્ય સાથે) ૧૯૭૦
૧૮ પ્રતીક ચિત્રો (લોક રેખાંકન સાથે) ૧૯૬૮
૧૯ શિહોર–રામજી મંદિરનાં ભીંત ચિત્રો. ૧૯૭૧
૨૦ તેરા (કચ્છ) રામાયણના ભીંતચિત્રો (અન્ય સાથે)
(આ લેખો–૬ થી ૨૦– 'કુમાર'માં પ્રગટ થયેલા.)
૨૧ ગોહિલવાડના ગ્રામઘરોનાં આલીંપન ચિત્રો, ૧૯૬૯
૨૨ ભારતીય રંગોળી ૧૯૬૭
૨૩ ગુર્જર ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ (ચિત્ર પરિચય) ૧૯૬૯
૨૪ પકવેલી માટીના સૌરાષ્ટ્રનાં લોકરમકડાં ૧૯૭૦
(૨૧ થી ૨૪ સુધીના લેખો 'નવચેતન'માં પ્રગટ થયેલા.)
૨૫ દેવી પૂજા અને સૌરાષ્ટ્રનાં દેશ્ય દેવી–દેવલાં.
૨૬ લોકજીવન અને સાહિત્યમાં નદી
૨૭ લોકજીવનમાં સાવઝ
૨૮ સૌરાષ્ટ્રના પાળિયા–ખાંભી અને તેના શિલ્પ પ્રતીકો.
૨૯ ગણેશ સ્થાપન (લોકભરત)

૩૦ ધાણિયો, ચંદરવો અને ઉલેચ (લોકભરત પ્રકાર)
૩૧ સૌરાષ્ટ્રનું લોકભરત (પરિચય)
૩૨ દેશનો દુહો, ગૌર્જરની ગાથો, શ્રીમાલથી ગુજરાત–એક તર્કની તસ્વીર.
૩૩ લોકજીવન અને સાહિત્યમાં અશ્વ
૩૪ 'ઈ' આવીને દળદર ફેડશે'
૩૫ પરિયમ અને કાચબો (રાસડો–કથાગીત)
(૨૫ થી ૩૫ સુધીના લેખો 'ઊર્મિનવરચના'માં પ્રગટ થયેલા.)
૩૬ રાણકદેવી (રાસડો–કથાગીત)
૩૭ જસમા ઓડણ (રાસડો–કથાગીત)
૩૮ શિવ ભીલડી (સંવાદ–રાસડો)
(૩૬ થી ૩૮ સુધીના લેખો 'કુમાર'માં પ્રગટ થયેલા)
૩૯ કૃષ્ણજન્મ (રાસડો–કથાગીત)
૪૦ સીતા વનવાસ (રાસડો–કથાગીત)
૪૧ મીણાંબાઈ રાસડો–કથાગીત)
૪૨ છેલ હીરાવાળા (રાસડો)
૪૩ કંટ્રોલ કેદી થશે (રાસડો)
(૩૯ થી ૪૩ સુધીના લેખો 'અખંડાનંદ'માં પ્રગટ થયેલા)
૪૪ સીતાજીના બાર માસ (મોરારકૃત) સંપાદન
૪૫ ડોસા વેલાણી સં. ૧૭૮૨ કૃત બાળલીલાનો સલોકો
૪૬ મોર (કુમાર) ૧૯૬૩
૪૭ લોકસાહિત્યમાં પોપટ (ઊર્મિનવરચના)
ઊર્મિનવરચના
૪૮ લોકજીવનમાં પારેવું (ઊર્મિનવચના)
૪૯ લોકજીવન અને લોકસાહિત્યમાં ચકી–ચકો (સ્ત્રીજીવન)
૫૦ ટિટોડી (અખંડાનંદ) ૧૯૬૦
૫૧ હોલુ ,, ૧૯૬૯
૫૨ કાગડો ,, ૧૯૭૦
૫૩ કોયલ ,, ૧૯૭૧
૫૪ લોકજીવનમાં બગલો (ઊર્મિનવરચના)
૫૫ લોકગીતોમાં પક્ષીઓ ,,
પૂર્વગુર્જરી
૫૬ લોકકળામાં ભાતીગળ એકતા 'પૂર્વગુર્જરી'
૫૭ વસંત વિલાસનાં ચિત્રો શામળદાસ કોલેજ મેગેઝીન ૧૯૫૯
૫૮ મધ્યયુગની ભારતીય ચિત્રકલા અને તેનો જૈન હસ્તપ્રતોમાં પરિપાક 'આત્માનંદ પ્રકાશ'
૫૯ સૌરાષ્ટ્રમાં સતીની ખાંભી, પાળિયા અને પ્રતીકો 'ઉત્તરા' ૧૯૬૭

૬૦ સૌરાષ્ટ્રના આલીંપન ચિત્રો 'ઉત્તરા' ૧૯૬૮
૬૧ આપણાં થોડાંક લોકગીતો 'દીપિકા' ૧૯૫૩
૬૨ કંઠસ્થ લોકસાહિત્ય "સ્ત્રીજીવન" ૧૯૬૭
૬૩ ઉકરડી અને ખેતરપાળ "સ્ત્રીજીવન"
૬૪ વલોણું વૈષ્ણવજન
૬૫ સૌરાષ્ટ્રના રાસડા–ગરબા અને લોકનૃતો સુવેનીર ૧૯૭૮
૬૬ ભાવનગરના ચિત્રકારો 'મેથેમેટીક સુવેનીર ૧૯૭૮
લોકવાર્તા, લોકકથા, ઓઠાં, વગેરે.
૬૭ વહુનાં વળામણાં– (ગોહિલ વાડની લોકકથા) અંજલિ
૬૮ વા'નો પારો અને નય 'મનોરમ'
૬૯ વા'લાના વસંભા 'અખંડાનંદ ૧૯૭૨
૭૦ દેવપ્રારાનો ગોધલયો 'અખંડાનંદ' ૧૯૭૧
૭૧ ઊજળી માણસાઈ 'વૈષ્ણવજન'
૭૨ મોટીબેન વૈષ્ણ વજન
૭૩ ખાશો શું ખી ખી? 'ઊર્મિનવરચના' ૧૯૭૯
'૭૪ સડદડિયાની વારતા ,, ૧૯૭૯
૭૫ આવરદાની વારતા ,, ૧૯૭૯
૭૬ કણ–દાણો પાણીની વારતા ઊર્મિનવરચના ૧૯૭૯
૭૭ પ્રભાતયાં પોરની વારતા ઊર્મિનવરચના ૧૯૭૯

: લોકગીતો સંપાદન :

૭૮ ગુજરાતરાજ્ય લોકસાહિત્ય સમિતિના મણકા નં. ૭ થી ૧૨ સુધીમાં આશરે ૮૦ જેટલાં લોકગીતો
૭૯ 'તુલસી વિવાહનાં ગીતો' ૮ તુલસી વિવાહ ગીતો
૮૦ 'ગોરમાનાં ગીતો' ૧૦ ગોરમાનાં લોકગીતો.

: રેડીઓ વાર્તાલાપ :

૧૯૬૫ થી ૧૯૭૯ સુધીમાં ૧૮ થી ૨૦ જેટલાં વાર્તાલાપ–જેમાં લોક કળા, શિષ્ટકળા, સ્થાપત્ય, લોક સાહિત્ય વગેરે,

: વાર્તાલાપ :

૧૯૮૦ ફેબ્રુઆરી તા. ૧, ૨ એમ. એસ યુનિ. વડોદરા. લોક કળા અને લોક સાહિત્ય,

૧૯૮૦ મે. સ્વામી નારાયણ મંદિર મદ્રાસ લોકકળા, લોકસાહિત્ય,

૧૯૮૦ ડીસેમ્બર, મુંબઈ ટેલીવીઝન–ઈન્ટરવ્યુ ચિત્રકાર તરીકે, સંગ્રાહક તરીકે, લોક સાહિત્યના લેખક તરીકે.

"ખાટલી, ખાટલો ને ખાટલેશ્વર"

—દીપક માકડિયા

સૌરાષ્ટ્ર, કચ્છ અને તળ ગુજરાતમાં ઘણા સ્થળો એવાં છે, જેમા ગામનું નામ, ગામ પાસેના નદી કે ડુંગરનું નામ તથા ત્યાં આવેલા મહાદેવનું નામ એક સરખુ હોય છે. દા. ત., બરડા ડુંગરનું પ્રખ્યાત યાત્રાધામ બીલેશ્વર મહાદેવ, બાજુની નદી તે બીલેશ્વરી અને ગામનું નામ પણ બીલેશ્વર છે. આજ પ્રમાણે કાળુ નામના કાઠીએ જેની સ્થાપના કરી તે કાળેશ્વર મહાદેવ. બાજુની નદી તે કાળેશ્વરી અને ગામનું નામ કાલાવડ! ધૂમલીના ભાણ જેઠવાએ સ્થાપિત કર્યું તે ભાણેશ્વર મંદિર, ભાણવડ ગામ અને ભાણવડી નદી! – આવાં સ્થળોની આસપાસ અવનવી લોકકથા રજૂ કરવા વિચાર છે. ગામનું નામ છે. ખાટલી, બાજુનો ડુંગર તે ખાટલો અને તેના ઉપર આવેલું મંદિર આજે ખાટલેશ્વર મહાદેવથી પ્રખ્યાત છે. ડુંગરનો આકાર દૂરથી જોનારને અસલ ખાટલા જેવો લાગે છે. આથી પ્રથમ ડુંગરનું 'ખાટલો' એવું નામ પડયું હશે. આ પછી ત્યાં વસ્યું તે ખાટલી ગામ અને ઉપર ના મહાદેવ તે ખાટલેશ્વર! ડુંગર ઉપર ચડો તો પહોળાઈ કરતાં લંબાઇ વધારે અને કોઈ વિરાટ ખાટલા ઉપર આપણે ચડયાં હોઇએ એવો ભાસ થાય સહુ કોઈ ને લાગે કે આ ડુંગરનું 'ખાટલો' એવું નામ ઉચિત છે.

ખાટલા ડુંગર ઉપર ખાટલેશ્વર મહાદેવનું મંદિર છે. મંદિર પાંડવોના કાળનું હોવાની માન્યતા છે. જોનારને પણ આ સ્થળ અતિ પ્રાચીન હોવાનો ભાસ થાય છે. ડુંગર ઉપર એક મોટો ઓટો છે અને તેની ઉપર શિવલિંગનું સ્થાપન છે. બાજુમાં મહારાજને રહેવાના બે ઓરડા છે. અને ફૂલવાડી છે. સ્થળ ખૂબ જ રમ્ય છે.

આ મહાદેવની ઉત્પત્તિ વિશે એક લોકકથા પ્રચલિત છે. રબારી લોકો પોતાનો માલ લઇને અહીં આવતા. તેમાંથી એક કાળી ગાય કાયમ સાંજે છૂટી પડીને ડુંગર ઉપર ચડી જતી અને આ જગ્યાએ ઊભી રહી પોતાના આંચળમાંથી જમીનમાં રહેલા શિવલિંગ ઉપર દૂધ વરસાવી જતી! કાયમ દૂધ ઓછું થાય એટલે તેનું રહસ્ય જાણવા એક દિવસ રબારી ગાયની પાછળ પાછળ ગયો અને બધું જાણી લીધું! ભગવાન તો પ્રગટ થયા પણ આટલા દિવસ દૂધ પીધું એનું વળતર રબારીએ માગ્યું! કહે છે કે એક દિવસ ખાટલા ઉપરથી નીચે ઉતરતી કાળી ગાયના ગળામાં વસ્ત્ર બાંધેલું હતું. છોડીને જોતાં એમાંથી ચાંદીના સિક્કા મળ્યા અને તે સાંજથી જ કાળી ગાય અદૃશ્ય થઈ ગઈ!

બીજી એક કથા એવી છે કે બાજુના ખજુરડા ગામમાં એક ખેડૂત રહેતો હતો, તે એક દિવસ આ ખાટલા ડુંગર પાસેથી પસાર થતો હતો. ત્યારે તેણે જોયું કે પોતાની આગળ એક બટુક મહારાજ ચાલ્યા જાય છે! આવા મહારાજને ખેડૂતે કોઈ દિવસ જોયેલા નહિ એટલે તે તો આ બટુક મહારાજની પાછળ પાછળ ચાલ્યો. બટુક મહારાજ તો આ ખેડૂતને લઇને ખાટલા ડુંગરના પેટાળમાં એક ભોંયરું છે તેમાં લઇ ગયા.! (આજે પણ આ ભોંયરું છે તેમ માનવામાં આવે છે) હિંમત કરીને ખેડુત પણ ભોંયરામાં આગળ વધે છે. અંદર જતાં ભોંયરું તો સુંદર મજાનો મહેલ હોય એમ લાગતું હતું! ખેડુત ત્યાં બેસી ગયો, થોડીવારે પેલા બટુક મહારાજ ખેડુત પાસે આવ્યા અને કોઇ ઝાડનું મૂળિયું ખેડુતને આપી ગયાં! જે ખાવાનું મન થાય તેનો સંકલ્પ કરી આ મૂળિયું મોઢામાં રાખવાથી એ ખાવાનો આનંદ આવે અને પેટ ભરાઇ જાય! ખેડુતને તો લીલાલ્હેર થઈ પડયા, એણે તો ભોંયરામાં જ રહી જવાનું નક્કી કર્યું! ચાર–પાંચ દિવસ તો સુખેથી પસાર થયા, બધું જ સુખ હોવા છતાંય કોઇનો સાથ ન હતો તે એકલું લાગવા માંડયું, બટુક મહારાજ તો હવે દેખાતા નહતા. એટલે એક દિવસ સવારે પેલું મૂળિયું લઇને ખેડુત તો ભોંયરાની બહાર નીકળ્યો અને પોતાને ગામ આવ્યો. પણ પેલું મૂળિયું રસ્તામાં ક્યાં પડી ગયું તેની ખબર રહી નહિ! ગામલોકોને વાત કરી બધા પાછા ખાટલાના ડુંગર ઉપર આવ્યા. ભોંયરાની તપાસ કરી પણ પહેલાંની દુનિયા પાછી ન મળી તે ન જ મળી!

આજે પણ ખજૂરડાના લોકો ખેડુતની આ વાત રસપૂર્વક કરે છે અને 'મૂળિયું' મળી જાય તો મજા આવે એવી આશા સેવે છે!

ખાટલેશ્વર મહાદેવના થાનકે હાલ ઉત્તર પ્રદેશના એક સાધુ રહે છે. આસપાસના લોકોએ ચૈત્ર શુદ બીજ (એપ્રિલ ૧૯૮૧) ને દિવસે ત્યાં રામ પારાયણ પણ બેસાડી હતી.

આજુબાજુના વિસ્તારમાં આ સ્થાનનો ઘણો મહિમા છે. બાજુમાં નાગદેવતાનું થાનક અને નજીકમાં ખોડિયાર માતાની ડેરી છે

આમ ખાટલી, ખાટલો અને ખાટલેશ્વર મહાદેવ આજુબાજુના લોકોમાં તીર્થધામનું સ્થાન પામ્યા છે. ઘણા માણસો દર્શને આવે છે. અને તેમની બાધા આખડી રાખે છે.

લોકસાહિત્યમાં ક્ષેત્રસંશોધન

પ્રા. ડૉ. પ્રહલાદ પટેલ

લોકસાહિત્યના સંશોધનમાં ક્ષેત્રસંશોધન Field-workનું આગવું મહત્ત્વ છે. આમ છતાં ગુજરાતમાં આજસુધીના લોકસાહિત્ય સંશોધકોને ક્ષેત્રસંશોધનની કોઇ વિશિષ્ટ તાલીમ મળેલ નથી. માત્ર કોઠાસૂઝથી તેમણે ક્ષેત્ર-સંશોધન કર્યું છે. આજસુધીમાં ગુજરાતની માત્ર બે યુનિવર્સિટીઓમાં ૧ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર અને ૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે આંશિક રીતે લોકસાહિત્યનું અધ્યયન–અધ્યાપન કાર્ય થઈ રહ્યું છે. આમ છતાં ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં કયાંય ક્ષેત્રસંશોધનની તાલીમને આજસુધી સ્થાન મળ્યું નથી.

પરિણામે આજે કોઇ સ્નાતક યુવાન લોકસાહિત્યના સંશોધનાર્થે જયારે લોકસમાજ સામે જઇને ઊભો રહે છે ત્યારે, તેને ઘણી મુસિબતોનો સામનો કરવો પડતો હોય છે. એક તો અભણ કે અલ્પશિક્ષિત ગ્રામ્યસમાજ પોતાના પૂર્વ સંચિત અનુભવોના કારણે ભણેલાઓ પ્રત્યે એક જાતની સૂગ કેળવીને બેઠો છે. આથી શિક્ષિતો સામે તે વાત કરવાની પણ તૈયારી બતાવતો નથી. વળી કેટલાક સમાજો કાયદાકીય રીતે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હોય ત્યાંતો આવા કોઈ માહિતી એકઠી કરનાર શિક્ષિત માણસને સંશોધનાર્થે પદાર્પણ કરવું અઘરું બની જાય છે. ઉપરાંત કેટલીકવાર તો કોઇ સમાજમાં કોઇ અણઘડ સંશોધક પ્રવેશીને એવી છાપ ઊભી કરી દે છે કે જેથી ભવિષ્યમાં તે સમાજ અન્ય સંશોધકો માટેનાં પ્રવેશદ્વાર બંધ કરી દે છે.

વળી કોઇપણ સમાજનું સાચું સંશોધન ત્યારે જ થઇ શકે કે જયારે સંશોધક તે સમાજ વચ્ચે લાંબો સમય સુધી રહી દૂધમાં સાકરની જેમ તે સમાજમાં ભળી જાય તે સમાજનો એક સભ્ય બની રહે. આમ તે લોકસમાજના સતત સંપર્કમાં રહી તેમની Life Cycleને પ્રત્યક્ષ નિહાળે, સાથે રહી તેમના ઉત્સવો માણે અને તે સમાજની જીવનની તમામ પ્રવૃત્તિઓને નજીકથી નિહાળે ત્યારે જ તે સમાજની સાચી નાડ પકડી શકે.

પરંતુ આજે તો આવા સંશોધકોને દીવો લઇને શોધવા પડે તેમ છે. માત્ર થોડીક મુલાકાતો લઈને થોડું ઘણું જે મળે તેને સંપાદિત કરવાથી સાચી દિશાનું સંશોધન થઇ શકતું નથી, અને જે કંઈ સંશોધનો પ્રગટ થાય તેનાથી જે તે સમાજનું સાચું ચિત્ર ઉપસી શકતું નથી. આ માટે તો સંશોધકે ભેખ ધરવો પડે છે. પશ્ચિમના દેશોમાં તો ક્ષેત્રસંશોધન અંગે પણ ગ્રંથો સર્જાયા છે. જયારે આપણે ત્યાં તો તેનો એકડો ઘુંટવાનો બાકી છે. પરિણામે લોકસાહિત્ય સંશોધનના પાયારૂપ ક્ષેત્રસંશોધનની વાત છોડીને લોકસાહિત્યનાં સંશોધન–સંપાદન અને સમીક્ષા કાર્યો થઇ રહ્યાં છે. માટે હવે આપણી યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં ક્ષેત્રસંશોધનને સ્થાન આપવાનો સમય હવે પાકી ગયો છે, કેમ કે તે પાયા પર તો સંશોધનની ઇમારત ઊભી કરવાની છે.

મારા ક્ષેત્રસંશોધનના અનુભવના આધારે ક્ષેત્ર સંશોધકની સજજતા અંગે આ પ્રમાણે વિચારી શકાય.

સૌ પ્રથમ તો જે પ્રદેશના લોકસમાજમાં ક્ષેત્રસંશોધકે જવાનું છે, તેમની લોકબોલીનો પૂરેપૂરો અભ્યાસ કરવો જરૂરી બને છે. ગામડાના લોકો સાથે તેમની બોલીમાં વાત કરીએ તો તેઓ પોતાપણાનો ભાવ અનુભવે છે અને આપણી સાથે પ્રેમપૂર્વક ખૂલ્લા દિલથી વાત કરશે. અને લોકસમાજ સંશોધક સાથે જે વાત કરશે તે વાતને પૂરેપૂરી રીતે તે મમજી શકશે. આ સાથે સંશોધકે જે તે પ્રદેશ અને લોકસમાજ અંગે જે કંઇ લખાયું છે, તેમાં પુરાણોથી માંડીને આજ સુધીના સાહિત્યમાં જે પ્રગટ થયું છે તેનો અભ્યાસ કરી તે અંગે જરૂરી નોંધો પણ કરી લેવી જોઈએ. જેથી કથક જયારે ખોટી માહિતી આપે, ત્યારે તે સમયે આપણા જ્ઞાનનું પ્રદર્શન કરવામાં નહિ, પણ પાછળથી તે નોંધોના આધારે સારાસારનો વિચાર કરતી વખતે તે માહિતી ઘણી ઉપયોગી બની રહેશે.

ત્યારબાદ જે તે પ્રદેશનો નકશો મેળવી ફિલ્ડવર્કનું આયોજન કરવું પડશે. આ માટે મુલાકાતના સ્થળો નકકી કરતી વખતે કેટલાંક ગામ શહેર નજીકનાં તેમજ કેટલાંક ગામ પ્રદેશના અંદરના ભાગમાં શહેરથી દૂર આવેલાં હોય

તે પણ પસંદ કરવાં પડશે. ઉપરાંત જુદી જુદી ભૌગોલિક પરિસ્થિતિવાળા સ્થળો એક જ પ્રદેશમાં હોય તો આવાં ગામોને પણ પસંદ કરવાનાં રહેશે. કેમ કે ભૌગોલિક સ્થિતિ લોકજીવનને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વળી જ્યાં વાહનવ્યવહારનાં સાધનો ઉપલબ્ધ ન હોય તેવા સ્થળો પણ પસંદ કરવાના રહેશે. આવાં સ્થળોએ સંશોધકે સાયકલ જેવા વાહનથી કે ક્યારેક પગપાળા જવું પડશે.

આમ ક્ષેત્રસંશોધનનું આયોજન કર્યા બાદ, ફીલ્ડ-વર્કમાં જવા માટે સંશોધકે જરૂરી સામગ્રી મેળવી લેવાની હોય છે. તેમાં એક સાદી જોઈએ. જેમાં એકાદ જોડી સાદાં કપડાં, નહાવાનો ટુવાલ વગેરે રાખી શકાય. ક્ષેત્ર સંશોધકનો પહેરવેશ સાદો અને જે તે સમાજના લોકોને રુચે તેવો હોવો જોઈએ. કોટ–પેન્ટ–ટાઈ કે બૂટ–મોજાં સાથે ગ્રામસમાજ વિશેષ અતડાપણું રાખે છે અને સંશોધક તે સમાજનો વિશ્વાસ સંપાદન કરવામાં નિષ્ફળ જાય છે. આ માટે લેંઘો–જભ્ભો–ચંપલ વિશેષ અનુકૂળ રહે. સંશોધક ભારે મોટા ગોગલ્સ ચડાવે અને માથે હેટ મૂકીને જાય તે યોગ્ય નથી. સંશોધક પોતાની બેગમાં ભોજન માટે સૂકો નાસ્તો તેમના બાળકોને વહેંચી દઈએ અથવા બાળકો માટે ચોકલેટ જેવી વસ્તુઓ લઈ જઈએ તો બાળકોને રીઝવવાથી તેમની માતાઓ સંશોધક પ્રત્યે વિશેષ સહાનુભૂતિ દાખવશે. ઉપરાંત ભોજનની બાબતમાં સંશોધકે ચોખલિયાવેડા રાખવા ન પાલવે. કેટલીકવાર લોકસમાજની ભોજનની રીતભાતો કે અસ્વચ્છતા અંગે આપણને ન રુચે એવાં દશ્યો જોવા મળે ત્યારે સંશોધકનું નાકનું ટેરવું ઊંચું ચડે છે તો વાત બગડી જાય છે. ગ્રામજનો જે પ્રકારનો ખોરાક જે રીતે ખાય છે તેને અનુસરીએ તે જ સંશોધકના હિતમાં છે. આ સમયે સંશોધકે એ ખાસ ધ્યાન રાખવાનું છે કે તે કોઈની મહે-માનગતિ માણવા ગયો નથી પણ પોતાના સંશોધનના ધ્યેય સાથે ગયા છે.

સંશોધકની બેગમાં લેખન માટેની પૂરતી સામગ્રી હોવી જોઈએ. ક્યારેક નોંધ કરતા હોય અને પેનની શાહી ખૂટી પડે અને કામ બંધ કરવું પડે તેમ ન બને તેની કાળજી રાખવાની હોય છે. ઉપરાંત સંશોધકે કેમેરા સાથે લેવો જોઈએ અને કેમેરાનું સંચાલન તેને પોતાને કરતાં આવ-ડવું જરૂરી છે. આમ છતાં ક્યારેક કેમેરાનો દુરુપયોગ ન થાય તે જોવું જરૂરી છે. જ્યાં તેની જરૂર જણાય ત્યારે જ કેમેરાને પેટીમાંથી કાઢવો જોઈએ. કોટે વળગાડીને ફરવામાં ઘણા જોખમ રહેલાં છે. આવું જ ટેપ–રેકર્ડ મશીનનું પણ છે. આજે તો સંશોધકને લાગતું એવું ટેપ-રેકર્ડ ખૂબ જ ઉપયોગી બને છે. આ ઉપરાંત પાળિયા અને શિલા-લેખોના અક્ષરો ઉકેલવા તેના ‘બીબ’ માટેની જરૂરી સામગ્રી સંશોધકની બેગમાં હોવી જોઈએ. આ ન હોય તો છેવટે રંગીન ચોક કે કોલસાનો ઉપયોગ પણ કરી શકાય.

આ પ્રમાણે જરૂરી ચીજ–વસ્તુઓ સાથે સંશોધકે પોતાની બેગ તૈયાર કરવી જોઈએ આ પછી જ્યારે સંશોધક પ્રથમ પાઈલોટ વીઝીટ કરે ત્યારે સૌ પ્રથમ તેણે જે તે સમાજના મોવડીઓ, ધર્મગુરુ બારોટ–મીર વગેરેને મળી, પોતાના કામની યોજના તેમને સમજાવી સંશોધક પોતે જે સંશોધનકામ કરે છે તે તેમના સમાજ માટે ઘણું ઉપયોગી બની રહેશે તે વાતનો તેમના ગળે ઘુંટડો ઉતારવો જોઈએ. અને જો શક્ય બને તો આપણી વાતને સમજી શકે તેવા તે સમાજના કોઈ વજનદાર–ઠરેલ માણસને આપણા બાતમીદાર તરીકે શોધી કાઢી, તેનો વિશ્વાસ જીતી આપણા કામમાં તેને રસ લેતો કરીશું તો તે સંશોધકને ખૂબ જ ઉપયોગી બની રહેશે.

આ ઉપરાંત શિષ્ટ સમાજે અમુક લોકસમાજો સામે પૂર્વગ્રહથી જ જોયા કર્યું છે. ક્ષેત્રસંશોધકે આવો પૂર્વગ્રહ લઈને સમાજ સામે ન જવું જોઈએ. જે તે પરિસ્થિતિમાં મૂકાયેલ આ લોકોને ચોર–દાકુડિયા ન ગણતાં તેમની નજરે તેમને જોવા જોઈએ. સંશોધકે નિંદા કે ટીકાનું વલણ છોડવું જોઈએ તેમજ તેમને સલાહ–સૂચનો ન કરવાં. આ લોકસમાજને ધર્મ પ્રત્યે વિશેષ અભિરુચિ હોય છે તો તેમને ક્યારેક ધર્મવાર્તાઓ પણ કહેવી જોઈએ. સંશોધકે પોતાની સાથે બીડી–બાકસ, સૂડી–સોપારી જેવી વસ્તુઓ પણ રાખવી જોઈએ લોકો સાથે ભળવામાં આવી નાની બાબતો ઘણીવાર ખૂબ ઉપયોગી પુરવાર થાય છે. કો[illegible] લગ્ન પ્રસંગમાં સંશોધક ગયો હોય તો તેમના રિવા[illegible] મુજબ ચાંલ્લો આપવો, તેમના ફોટા પાડી આપવા વગે[illegible] જરૂરી હોય છે. વળી કોઈ ધાર્મિક વિધિમાં ગયા હોઈ[illegible] તો તેમના દેવ–દેવીને ચાંદીનાં કડાં–ચૂંદડી જેવી વસ્તુએ[illegible] ભેટ ધરવાથી લોકવિશ્વાસ સંપાદિત કરી શકાય છે. દેવ-દેવીઓને દેવાતાં બલિદાન અંગે કે ભૂવા અંગે કો[illegible] ટીકા સંશોધક માટે અવરોધ ઊભો કરે છે. આ ઉપર[illegible] લોકો સાથે યોગ્ય માનપૂર્વકનો વર્તાવ કરાવો જોઈ[illegible] વડીલો અને મોવડીઓને જરૂરી માન–પાન સંશો[illegible] આપવું જ રહ્યું.

આ ઉપરાંત સંશોધકે સતત સાવધાન રહેવાનું [illegible] છે. લોકો સાથેની સામાન્ય વાતચીતમાંથી પણ લકો[illegible]

પકડી લેવી પડે છે. કહેવતો–રૂઢિપ્રયોગો જેવી બાબતો વાત-ચીતમાંથી પકડી લેવી જોઈએ. કથક જ્યારે કંઈક કહેતો હોય ત્યારે કોઈપણ સંજોગોમાં તેને અટકાવવો ન જોઈએ. તેમ કરવાથી તે ધ્યાનભંગ થતાં વાત બગડી જાય છે. માત્ર જ્યારે કથક જ્યાં અટકે ત્યાંથી તેને ચાલુ કરવા જરૂર પૂરતું જ સંશોધકે બોલવાનું હોય છે. સંશોધક પોતે જાણતો હોય તેવી વિગતો પણ કથકના સંતોષ ખાતર નોંધવાની હોય છે. કેટલીક વાત કોઈ બાબતને કથક છુપાવતો હોય તો સંશોધકે કુનેહપૂર્વક તે વાત કઢાવવાની હોય છે. વાતમાં ને વાતમાં સંશોધકને જે માહિતીની જરૂર હોય તે માર્ગે કથકને વાળવાની સંશોધકમાં આવડત હોવી જોઈએ. સ્ત્રીઓના રીત–રિવાજ, રહેણીકરણી જાણવા સંશોધકે ક્યારેક પોતાની પત્નીને પણ સાથે લઈ જવી પડે છે. કેમ કે સ્ત્રીઓ સાથેના વ્યવહાર બાબતમાં લોકસમાજ ખૂબ જ રૂઢિચુસ્ત હોય છે. એટલે તે બાબતમાં નાનું એવું અઘટિત પગલું સંશોધક માટે કાયમનાં દ્વાર બંધ કરાવી દે છે. આ માટે સંશોધકે ખૂબ જ સાવચેત રહેવું જરૂરી છે. લોકગીતોનો સંગ્રહ જે તે પ્રસંગે ગવાતાં ગીતોને નોંધીને કે ટેપ કરીને કરવો જોઈએ, મૃત્યુ પ્રસંગે ગવાતાં ગવાતા મરસિયા જે તે સમયે લોકમુખેથી મેળવવામાં સંશોધકની કુનેહની દાદ માગી લે છે.

લોકમુખેથી મળતી લોકકથાઓના અલગ અલગ સ્થળેથી જુદાજુદા મુખે કહેવાતી લોકકથાઓનાં પાઠાન્તરો નોંધવા જોઈએ. લોકો જે ભાષામાં જે કંઈ નોંધાવે તેમાં સંશોધકે કોઈ જાતનો ફેરફાર ન કરવો જોઈએ.

આ રીતે સજ્જનતા કેળવી લોકસાહિત્ય સંશોધકે એક જ સ્થળની અનેકવાર મુલાકાતો લેવાની હોય છે. કેટલીકવાર સંગ્રહિત લોકસાહિત્યના સંપાદન વેળાએ કેટલીક ખૂટતી કડીઓ મેળવવા ફરી તે સ્થળની મુલાકાત લેવાની જરૂર ઊભી થાય છે. વળી લોકસાહિત્યનો કથક જે માહિતી નોંધાવે છે. તે માહિતી આપનારનું નામ, ઉંમર, સરનામુ, વતન, નોંધવાં જોઈએ. માહિતી કયા સ્થળેથી મળી, આ માહિતી નોંધીને ઉતારી છે કે ટેપ–રેકર્ડ કરી? માહિતી દાતાને આ માહિતી કોણે આપી? જો શક્ય હોય તો તેને પણ આ માહિતી ક્યાંથી સાંપડી તે નોંધવાથી માહિતી કે કૃતિનું વહન કેટલું જૂનું છે તે નક્કી થાય છે અને શક્ય બને તો માહિતી આપનારની સહી પણ માહિતી નીચે લેવી જોઈએ.

ડૉ. પ્રહ્લાદ પટેલ,
સરસ્વતી શેરી, દ્વારકા

ગાયત્રી ક્લૉક ઇન્ડસ્ટ્રીઝ

મોરબી



વૉલક્લૉકના નિર્માતા

૫, લાતી પ્લૉટ, પથ્વીરાજ પ્લૉટ

ફોન : ૩૨૦૬

અવનવા મોડલ તથા નયનરમ્ય રંગોમાં કિંમતી,
સસ્તા અને એક્યુરેટ ટ્રેડમાર્કના સ્ટ્રાઈકિંગ
તથા
ટ્રાન્ઝીસ્ટરનાં ઘડિયાળ
તથા
મુવમેન્ટસ ખરીદવાનો
આગ્રહ રાખો.

મોરબીના કવિ દેદલ ભક્ત

—હરિલાલ ગોહેલ

સહજાનંદ સ્વામીના સંપર્કમાં આવી લાડુદાન ગઢવી 'બ્રહ્માનંદ સ્વામી' બની ગયા પછી એમનું મુખ્ય કર્તવ્ય સ્વામીનારાયણ સંપ્રદાયનો પ્રસાર કરવાનું હતું. ધર્મ-પ્રચાર અર્થે દેશાટન કરતાં કરતાં બ્રહ્માનંદ મોરબીમાં આવે છે ત્યારે મોરબીના રાજકવિ તરીકે રસકવિ સૂર્યમલજી મીસણના વંશજ શક્તિભક્ત દેદલજી છે. બ્રહ્માનંદના સત્સંગથી કવિ દેદલ સ્વામીનારાયણ ધર્મની કંઠી બાંધે છે અને શક્તિભક્તના આચાર છોડે છે. આ સમયે મોરબીના ઠાકોર રવાજી મહારાજ છે. તેમનાથી કવિનું આ ધર્મપરિવર્તન સહન થતું નથી. કવિ દેદલ તો કપાળમાં સ્વામીનારાયણી ચાંદલો કરે છે, કંઠી પહેરે છે અને બધાં વ્યસનો છોડી દીધાં છે. રવાજી ઠાકોરને આ વૈષ્ણવધર્મ મંજૂર નથી. તેઓ વારેવારે દેદલને ટોકે છે અને કંઠી ઉતારી પુનઃ શક્તિભક્ત બનવા વિનવે છે. કવિ દેદલને સ્વામીનારાયણમાં શ્રદ્ધા દૃઢ થઈ ગઈ છે. તેઓ વધુને વધુ શ્રીજી મહારાજના રંગે રંગાવા લાગ્યા છે. મોરબી ઠાકોરથી આ સહન નથી થતું અને તેઓ કડક ફરમાન કરે છે કે કાં તિલક કંઠી છોડો અને કાં મારું રાજ છોડો !. કવિ દેદલે શ્રીજીની કંઠી તોડવા કરતાં રાજ છોડવાનું નક્કી કર્યું અને કુટુંબીજનોને ઉચાળા ભરવા આજ્ઞા આપી.

આ સમયે મોરબી પાસેના માળિયાના ઠાકોર મોડજી મહારાજ છે, તેઓને પણ બ્રહ્માનંદ સ્વામીના સંપર્કથી શ્રીજી મહારાજ તરફ માનભક્તિ પેદા થયાં છે. કવિ દેદલની કફોડી સ્થિતિનો થોડો ઝાઝો અણસાર મોડજી મહારાજને આવી ગયો છે. કવિ દેદલે મોરબી છોડવાનું નક્કી કર્યું તે સમાચાર મળતાં જ માળિયાના ઠાકોરે કવિને પોતાને ત્યાં આવવા નિમંત્રણ પાઠવ્યું. કવિ દેદલ ભક્તને અચાનક જ એક મોટી સહાય મળી ગઈ અને શ્રીજી મહારાજની કૃપાનો અનુભવ કરતાં તેઓ પોતાના કુટુંબ સાથે મોરબી છોડી માળિયા આવ્યા.

એક મત એવો છે કે કવિ દેદલ માળિયા આવ્યા પછી મોરબી ઠાકોરને પસ્તાવો થયેલો અને કવિને માન-પાન આપી પુનઃ મોરબીમાં પ્રતિષ્ઠિત કરેલા. બીજો મત એવો છે કે રવાજી ઠાકોરના મૃત્યુ પછી મોરબીની ગાદીએ આવેલા વાઘજી ઠાકોર ઘણા પ્રજાવત્સલ રાજા હતા. તેમણે કવિ દેદલને એમની મોરબીની મિલકત ફરી સુપરત કરી અને કવિ દેદલ અથવા તેનું કુટુંબ પુનઃ મોરબી આવી વસ્યું. કવિના વંશજો હાલ મોરબીમાં વસે છે. તેથી એટલું સ્પષ્ટ થાય છે કે કવિ દેદલ અથવા તેમનું કુટુંબ મોરબી પાછું આવેલ જણાય છે.

કવિ દેદલના ઉપરોક્ત જીવનવૃત્તાંતને લગતું એક કવિત હાલ મળે છે. તે આ પ્રમાણે છે:

ગામ દામથી નહિ ગણ્યો, દેદલ તોળો દલ
કંઠી કારણ કોપિયો, રાજા વે રાણમલ.
હરિ કારણ હદપાર હુવો, કંઠી તોડણ કજ્જ;
સુપને સહજાનંદ કહે, ભૂપ ગ્રહી લે ભજ્જ.
પ્રભાત કવ પ્રેમથી, દેદલ ભક્ત દહીવાણ;
સુમર્યો સહજાનંદ શરણ, ભૂપ મોડ કલભાણ.
સહજાનંદની સાનથી રીઝયો ફરી રવમાલ;
દેદલ ભક્તને માન દઈ, પાસ રાખ્યો પ્રતિપાલ.

સ્પષ્ટ છે કે કવિ દેદલના વૃત્તાંતમાં પાછળથી સાંપ્રદાયિક મહિમા દાખલ થયો છે, પરંતુ એને બાદ કરતાંય દેદલના જીવન વિશે થોડી મુશ્કેલી રહી જતી જણાય છે. સૌથી પહેલી મુશ્કેલી એ છે કે રાજકવિ તરીકે એમનું પ્રદાન શું ? ખૂબ તપાસ કરવા છતાંય કવિ દેદલની કોઈ રચના અદ્યાપિ મળી નથી. કવિ દેદલના વંશજોમાં હાલ તેમના પૌત્ર મોરદાનભાઈ અને પ્રપૌત્ર ધનશ્યામભાઈ પાસેથી આ લખનારને કુલ ત્રણ રચનાઓ મળી છે જેમાંથી એક ઉપરોક્ત કવિત છે અને બીજી બે રચનાઓ

આ લેખના અંતે રજૂ કરું છું. ઉપરોક્ત કવિત કવિ દેદલનું રચેલું જાણાતું નથી 'પ્રભાત કવ પ્રેમથી દેદલ ભકત દહીવાણ' આ પંકિતમાં કદાચ એના રચનારનું નામ હોય ! મારા મિત્ર પ્રો. નરોત્તમ પલાણ કહે છે કે 'અનુશ્રુતિ જોરદાર છે એટલે કવિ દેદલની બીજી રચનાઓ હશે. સંભવ છે: કચ્છીમાં દેદલની રચનાઓ હોય.' કવિ દેદલના વંશજો પાસેથી પ્રાપ્ત બે રચનાઓમાં 'મદત કરોને મહારાજ, હણે અસાંજી મદત કરોને મહારાજ.' એ પંકિત શ્રી પલાણસાહેબના અનુમાનને ટેકો આપે છે. ગમે તેમ પણ હાલ કવિ દેદલની બે જ રચનાઓ મળે છે અને તેની ઉપરથી 'કવિ' તરીકે દેદલને 'રાજકવિ' માનવો કે નહિ તે પ્રશ્ન ઊભો થાય છે.

કવિ દેદલના સમય વિશે અને તેઓ બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય હતા તે વિશે પણ થોડુંક વિચારવાનું રહે છે: કવિ દેદલની હકીકતમાં બ્રહ્માનંદ સ્વામી, મોરબીના ઠાકોર રવાજી અને માળિયાના ઠાકોર મોડજીના ઉલ્લેખો છે. બ્રહ્માનંદનો સમય વિ. સં ૧૮૨૮ થી ૧૮૮૮ છે. તેની સામે રવાજીનો સમય વિ. સં. ૧૯૦૨ થી ૧૯૨૬ છે અને મોડજીનો સમય તો ૧૯૩૫ થી ૧૯૬૩ છે ! કવિ દેદલને દેવાનંદ સ્વામીના સમકાલીન માનવામાં આવે છે તો દેવાનંદનો સમય વિ. સં. ૧૮૫૯ થી ૧૯૧૦ છે. આ સમય દેદલ માટે સ્વીકારીએ તો મોડજી સાથે તેનો મેળ બેસતો નદી ! હાલ આ લખનાર દેવાનંદ ઉપર મહાનિબંધ લખી રહ્યા છે. એમનું માનવું છે કે કવિ દેદલ બ્રહ્માનંદના નહિ પણ દેવાનંદના શિષ્ય હોય તે વધારે બંધ બેસતું થાય છે. દેવાનંદે પણ ધર્મ-પ્રચાર અર્થે દેશાટન કર્યું છે. જો એમ હોય તો દેદલનો સમય થોડો પાછળ ખસેડવાનો રહે અને તો રવાજીનાં અંતિમ વર્ષોમાં અને મોડજીના ઉદય કાળમાં આ પ્રસંગ બન્યા હોય ! જો દેદલને બ્રહ્માનંદના શિષ્ય માનીએ તો સમયની દષ્ટિએ તેનો મેળ બેસતો નથી. બ્રહ્માનંદ વિ. સં. ૧૮૮૮માં તો અક્ષરવાસી બન્યા છે, જયારે મોરબીમાં રવાજી નથી ! વિ. સં. ૧૯૦૨માં રવાજી મોરબીની ગાદીએ આવે છે અને તે સમય દેવાનંદના સમય સાથે બરાબર બંધ બેસી રહે છે. અસ્તુ.

કવિ દેદલની રચનાઓ

(૧)

મદત કરોને મહારાજ, હણે અસાંજી મદત કરોને મહારાજ
ગોપીનાથ, મદત કરોને મહારાજ.

કંઠી અસાંજી બાંધી તો કારણ, રુઠો રવાજી રાજ. —
અધમ ઓધારણ પતિતપાવન, બાંય ગ્રહેજી લાજ. —
પારસ પરસે લોહ રીયે તો, લોહજી વેંદી લાજ. —
'દેદલ' યે દુ:ખ દૂર કર્યો તે, મોડ રિઝાયો મહારાજ. —

(૨)

નહિ નિરધાર, નહિ નિરધાર, આરે કાયાનો નથી નિરધાર.
ભાગ્ય ઉદે થયા મોહન મળ્યા, વિવેકીજન કરો વિચાર
કુસંગીનો કોઈ સંગ નહિ કરશો, પ્રગટ મળ્યો છે બેડોપાર
દેદલનાં દુ:ખ દૂર કર્યાં, આ પછી માગું નહિ અવતાર.

નોંધ : દેવાનંદ વિશે કામ કરતાં કવિ દેદલની ભાળ મળી છે. તેમના વંશજ મોરબીવાસી મહેશદાન સારા કવિ છે. તેમણે તથા ઉપલેટાવાસી શ્રી ઘનશ્યામભાઈ મીસણે તેમજ મારા ગુરુવર્ય ડો. પ્રભાશંકર તરૈયા અને મિત્ર-વર્ય શ્રી નરોત્તમ પલાણે મને ઘણી સહાય કરી છે તેની આભાર નોંધ લઉં છું.

સરનામું : હરિલાલ ગોહેલ
દરજી શેરી, ભાયાવદર

સંદર્ભ સૂચિ

૧ રાજકવિ શ્રીમાવદાનજી રત્નુ
'કવિશ્રી દેદલ ભકત'
'યદુવંશપ્રકાશ' બીજો ખંડ પૃ. ૨૦૦

૨ શ્રી દાદુભાઈ પ્ર. ગઢવી
'દેદલ ભકત'
'પરમાર્થ–ફેબ્રુ. ૧૯૬૬

૩ શ્રી મહેશદાન મીસણ
'મહાત્મા દેદલ મીસણ'
'ઊર્મિ નવરચના'–મે ૧૯૭૨

૪ શ્રી મુકુન્દ પારાશર્ય
'ટેકીલો ભકત' (જનકલ્યાણ)
'બે ભાઈઓ'
'સત્ત્વશીલ' ૧૯૭૮

૫ શ્રી પ્રતાપ ઓરીચા
'હરિગુણ ગાવામાં મસ્ત દેદલ ભકત'
'ધર્મસદેશ'–૧–૪–૧૯૮૧

૬ શ્રી નરોત્તમ પલાણ
'મોરબી–માળિયાના કચ્છી રાજકવિ'
'કચ્છકલામ' એ–જૂન ૧૯૮૧

લોકસાહિત્ય જગત

૧ બે નવાં પ્રકાશન

અ ફોકલોર ઑફ ઈન્ડિયા (Folklore of India)

કેરાલા સાહિત્ય અકાદમીએ 'ફોકલોર ઑફ ઈન્ડિયા' પ્રકાશિત કર્યું છે. આ પુસ્તકમાં ગુજરાતના ફોકલોર અંગે એક પ્રકરણ છે. આ પ્રકરણ પુષ્કરભાઈ ચંદરવાકરે લખ્યું છે.

બ ફોકટેઇલ્સ ઑફ ઇન્ડિયા (Folktaics of India)

શિકાગો યુનિ. પ્રેસ તરફથી 'ફોકટેઈલ્સ ઑફ ઈન્ડિયા' નામે એક લોકકથાસંગ્રહ પ્રગટ થયો છે. આ ગ્રંથમાં ભારતની જુદી જુદી બોલી તથા ભાષાઓની 100 લોકકથાઓ આપવામાં આવી છે. આમાં ગુજરાતની ૧૨ લોકકથાઓ છે. આ બારેય લોકથાઓ શ્રી પુષ્કરભાઈ ચંદરવાકરે સંપાદિત કરી આપી છે. આ ગુજરાતી લોકકથાનું અંગ્રેજી ભાષાંતર, નોંધ, પરિચય વગેરે તેમાં છે. ચરોતરના પ્રસિદ્ધ બહારવટિયા બાબર દેવા અને મહીમાતાના લગ્નોત્સવની લોકકથાઓ પણ તેમાં છે.

[શ્રી પુષ્કરભાઈ ચંદરવાકરે આપેલી માહિતીના આધારે]

૨ ગુજરાત કલાકાર સંઘ–દશાબ્દિ મહોત્સવ

ગુજરાત કલાકાર સંઘનો દશાબ્દિ મહોત્સવ તારીખ ૯/૧૨/૮૧ ના રોજ ટાગોર હૉલ, અમદાવાદ ખાતે ઉજવાયો. આ પ્રસંગે મેયર શ્રી રફીયુદ્દીન શેખ પ્રમુખસ્થાને હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની સહાય થી આ પ્રસંગે જૂની રંગભૂમિના અને કલાના નિવૃત્ત કલાકારોને આર્થિક સહાય આપવામાં આવેલ. આર્થિક સહાય મેળવનારા કલાકારોએ એમની કલાનો ટૂંકમાં પરિચય કરાવેલ. 'રાસ દુલારી' નૃત્ય–નાટિકા પણ રજૂ કરવામાં આવેલી. પ્રસંગનું સંચાલન સંસ્થાના પ્રમુખ મધુભાઈ વ્યાસ અને મંત્રી શ્રી નરેન્દ્રભાઈ દવેએ કરેલ.

પપેટર્સ એન્ડ પ્લેઝનો વાર્ષિકોત્સવ

ગુજરાતના જાણીતા પપેટ કલાકાર શ્રી મહિપતભાઈ કવિએ એમની સંસ્થા – પપેટર્સ્ એન્ડ પ્લેઝનો સાતમો વાર્ષિકોત્સવ એચ. કે. હૉલ ખાતે ૪–૧૨–૮૧ ના રોજ ઊજવ્યો. આ પ્રસંગે શ્રી સુરાભાઈ ભરવાડ પ્રમુખ ને શ્રી જોરાવરસિંહ જાદવ અતિથિવિશેષ હતા. શ્રી રામકુમારભાઈ રાજપ્રિયએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

પપેટ એ શિક્ષણનું એક અસરકારક માધ્યમ છે, એ શ્રી રામકુમારભાઈ રાજપ્રિય અને મહિપતભાઈ કવિએ આ કાર્યક્રમ દ્વારા સુંદર રીતે પુરવાર કરી બતાવ્યું.

હકુભાઇ શાહનાં ચિત્રો અને સંગ્રહનું પ્રદર્શન

ડીઝાઇન સર્વિસના બે દાયકા પૂરાં થવાના અવસરે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના સહકારથી નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ડીઝાઇન, અમદાવાદે શ્રી હકુભાઈ શાહનાં ચિત્રો અને સંગ્રહનું એક પ્રદર્શન સંસ્કાર કેન્દ્ર, પાલડી, અમદાવાદ ખાતે ૧–૧૨–૧૯૮૧ ના રોજ યોજ્યું જે ૯–૧૨–૮૧ સુધી ચાલેલું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યનાં રાજ્યપાલ શ્રીમતી શારદાબેન મુખરજીએ કરેલું. આ પ્રદર્શન અંગેના બે સુંદર અહેવાલ ૧-૧૨-૮૧-ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયા અને ૨–૧૨–૮૧ ના ઇન્ડિયન એક્ષપ્રેસમાં છપાયા છે.

શ્રી હકુભાઈ શાહના કાર્યનો વિગતે પરિચય 'વીરડો'-ના આગામી અંકમાં આપવામાં આવશે.

અરવિંદભાઈ ભટ્ટ પીએચ. ડી. થયા

'વીરડો'ના શુભેચ્છક અને આદિવાસી લોકજીવન અને લોકસાહિત્યના અભ્યાસી પ્રા. અરવિંદભાઈ ભટ્ટને 'ગુજરાતના ચૌધરી (આદિવાસી) લોકોમાં સામાજિક પરિવર્તન' અંગેના મહાનિબંધ માટે ગુજરાત યુનિવર્સિટીએ પીએચ. ડી. ની પદવી અર્પણ કરી છે. 'વીરડો'ના એમને અભિનંદન !

'રંગબહાર'નો સાંસ્કૃતિક પ્રવાસ

આંતરરાજ્ય સાંસ્કૃતિક વિનિમય યોજના હેઠળ ગુજરાત રાજ્ય તરફથી રંગબહાર સંસ્થા । છત્રીસ કલાકાર ભાઈબહેનો દાદરા નગરહવેલીના પ્રવાસે ગયાં અને જુદાં જુદાં દશ સ્થળોએ નૃત્યો–લોકનૃત્યોના કાર્યક્રમો રજુ કર્યા ! આ કાર્યક્રમો ખૂબ વખાણાયા અને સમગ્ર ટુકડીનું અનેક સ્થળોએ સન્માન થયું. 'વીરડો'ના અભિનંદન !

તડવી દંપતિના કાર્યક્રમો

સાર્વજનિક કન્યા વિદ્યાલય સંખેડામાં શ્રી શંકરભાઈ તડવીનો આદિવાસી સંસ્કૃતિ પરિચય અને રેવાબેન તડવીનાં લોકગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઉપાચાર્યા કુ. હસુમતિબહેન ત્રિવેદીએ સ્વાગત કર્યું હતું અને બાળાઓએ કુમકુમ તિલક અને પુષ્પહારથી સન્માન કર્યું હતું. શ્રી મંજુલાબહેન પરીખે આભારવિધિ કરતાં જણાવ્યું કે શ્રી કંચનભાઈ કાછિયાને લીધે આ બંને મુરબ્બીઓનો આપણને મેળાપ થયો છે. "નાસી જઈશું ને શું ખાશું" આ ગીત આજની યુવાનપેઢીને ચેતવણી આપે છે. ચોકીદાર કે ડ્રાયવર સાથે ભાગી જતી યુવતીઓને આ ગીતો સારી શીખ આપે છે.

આકાશવાણી અમદાવાદ-વડોદરા તા. ૪-૧૨-૮૧ના રોજ શ્રી. રેવાબહેન તડવીનો "તડવી લગ્નગીતો"નો કાર્યક્રમ બપોરે ૧૨-૧૫ વાગ્યે પ્રસારિત થયો હતો.

અમદાવાદની 'પ્રવાહ" સંસ્થા તરફથી તા. ૨૭-૧૨-૮૧ ને રવિવારના રોજ શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવીનું આદિવાસી સંસ્કૃતિનું પ્રવચન અને શ્રી રેવાબહેન તડવીનાં આદિવાસી લોકગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

With Best Compliments From

MS. INDUSTRIAL STEEL CORPORATION

Shanti Sadan, Mogatwada,
Chittekhan gali,
BARODA

Stockists & Suppliers of
Ferrous and Non-Ferrous Metal